**AQV**

## PROVISIONAL ANSWER KEY

| | |
|---|---|
| **Name of The Post** | **Gujarat Educational Service, (Administrative Branch),Class-2** |
| **Advertisement No** | **125/2019-20** |
| **Preliminary Test Held On** | **24-01-2021** |
| **Que. No.** | **001-300 (General Studies + Concern Subject]** |
| **Publish Date** | **25-01-2021** |
| **Last Date to Send Suggestion (S)** | **02-02 -2021** |

# Instructions / સૂચના

**Candidate must ensure compliance to the instructions mentioned below, else objections shall not be considered: -**

(1) All the suggestion should be submitted in prescribed format of suggestion sheet Physically.

(2) Question wise suggestion to be submitted in the prescribed format (Suggestion Sheet) published on the website.

(3) All suggestions are to be submitted with reference to the Master Question Paper with provisional answer key (Master Question Paper), published herewith on the website. Objections should be sent referring to the Question, Question No. & options of the Master Question Paper.

(4) Suggestions regarding question nos. and options other than provisional answer key (Master Question Paper) shall not be considered.

(5) Objections and answers suggested by the candidate should be in compliance with the responses given by him in his answer sheet. Objections shall not be considered, in case, if responses given in the answer sheet / response sheet and submitted suggestions are differed.

(6) Objection for each question shall be made on separate sheet. Objection for more than one question in single sheet shall not be considered & treated as cancelled.

**ઉમેદવારે નીચેની સૂચનાઓનું પાલન કરવાની તકેદારી રાખવી, અન્યથા વાંધા-સૂચન અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહીં**

(1) ઉમેદવારે વાંધા-સૂચનો નિયત કરવામાં આવેલ વાંધા-સૂચન પત્રકથી રજૂ કરવાના રહેશે.

(2) ઉમેદવારે પ્રશ્નપ્રમાણે વાંધા-સૂચનો રજૂ કરવા વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ નિયત વાંધા-સૂચન પત્રકના નમૂનાનો જ ઉપયોગ કરવો.

(3) ઉમેદવારે પોતાને પરીક્ષામાં મળેલ પ્રશ્નપુસ્તિકામાં છપાયેલ પ્રશ્નક્રમાંક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતા તમામ વાંધા-સૂચનો વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કી (માસ્ટર પ્રશ્નપત્ર)ના પ્રશ્ન ક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા.

(4) માસ્ટર પ્રશ્નપત્ર માં નિર્દિષ્ટ પ્રશ્ન અને વિકલ્પ સિવાયના વાંધા-સૂચન ધ્યાને લેવામાં આવશે નહીં.

(5) ઉમેદવારે જે પ્રશ્નના વિકલ્પ પર વાંધો રજૂ કરેલ છે અને વિકલ્પ રૂપે જે જવાબ સૂચવેલ છે એ જવાબ ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં આપેલ હોવો જોઈએ. ઉમેદવારે સૂચવેલ જવાબ અને ઉત્તરવહીનો જવાબ ભિન્ન હશે તો ઉમેદવારે રજૂ કરેલ વાંધા-સૂચન ધ્યાનમાં લેવાશે નહીં.

(6) એક પ્રશ્ન માટે એક જ વાંધા-સૂચન પત્રક વાપરવું. એક જ વાંધા-સૂચન પત્રકમાં એકથી વધારે પ્રશ્નોની રજૂઆત કરેલ હશે તો તે અંગેના વાંધા-સૂચનો ધ્યાને લેવાશે નહીં.

001. પ્રખ્યાત પ્રાચીન નગર અંકોટાકા (Ankottaka) એ .......... નદીના કાંઠે સ્થિત હતું.

(A) સાબરમતી
(B) રૂપેણ
(C) વિશ્વામિત્રી
(D) બનાસ

002. કામણગારી ચિત્રો (Kamangari Paintings) વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

(1) કામણગારી કળા એ 18 મી સદીમાં ઉદ્ભવેલી ઉત્તર કચ્છના 'કામણગાર' નામના મુસ્લિમ સમુદાય દ્વારા વિકસાવવામાં આવી હતી.

(2) ચિત્રકામના બ્રશ (Paint brushes) એ માત્ર ઘોડાના વાળમાંથી જ બનાવવામાં આવ્યા હતા.

(3) આયના મહલના ચિત્રો એ આ કળાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

(A) 1, 2 અને 3
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 2
(D) માત્ર 1 અને 3

003. 15 મી સદીની નોંધપાત્ર કૃતિ રસમંજરી એ .......... દ્વારા રચવામાં આવી છે.

(A) બાણભટ્ટ
(B) ભાનુદત્ત
(C) આર્યભટ્ટ
(D) વીરભદ્ર

004. રાવણહટ્ટા (Ravanahatta) એ .......... છે.

(A) સંગીતનું સાધન
(B) હસ્તપ્રત
(C) ભીંતચિત્ર
(D) ઉપરના પૈકી એકપણ નહીં

005. ગુજરાતી લઘુવાર્તાઓના અગ્રણીઓમાંના એક ગણાતા એવા ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી એ તેમના ઉપનામ (તખલ્લુસ) .......... થી ઓળખાતા હતા.

(A) ધૂમકેતુ
(B) જટાયુ
(C) કેશવસુત
(D) કાલકૂટ

006. સિંધુ ખીણની સંસ્કૃતિ બાબતે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

(A) તે મુખ્યત્વે બિનસાંપ્રદાયિક સંસ્કૃતિ હતી અને તેમાં ધાર્મિક તત્ત્વ હતું તેમ છતાં તે પ્રભાવક ન હતું.

(B) આ સમયમાં ભારતમાં કાપડના ઉત્પાદન માટે કપાસનો વપરાશ થતો હતો.

(C) (A) તથા (B) બંને

(D) (A) અથવા (B) એકપણ નહી

007. નીચેના પૈકી કયું સ્થળ એ UNESCO હેરીટેજ સ્થળ નથી ?

(A) અજંતાની ગુફાઓ
(B) ઈલોરાની ગુફાઓ
(C) બાઘ ગુફાઓ
(D) એલીફંટ ગુફાઓ

008. સંગીતની ધ્રુપદ શૈલી (Dhrupad style) બાબતે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

(1) સંગીતની ધ્રુપદ શૈલીનો ઉલ્લેખ કરનાર આદિમ (પ્રાચીનતમ) સ્ત્રોત એ અબુફઝલનો આઈ-ને-એકબરી છે.

(2) ધ્રુપદ એ પ્રાથમિક રીતે ભક્તિ અને આધ્યાત્મિક સંગીત છે.

(3) ધ્રુપદ ચિત્રણ (Dhrupad Map) એ મંત્રોમાંથી સંસ્કૃત વર્ણાક્ષરનો ઉપયોગ કરે છે.

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 3
(D) 1, 2 અને 3

009. નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય નથી ?

(A) પ્રાકૃત એ પાલીમાંથી ઉદ્‌ભવી છે.
(B) પાલી ભાષા એ સંસ્કતથી જૂની છે.
(C) (A) તથા (B) બંને
(D) (A) અથવા (B) એકપણ નહી

010. નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

(1) પિથોરા એ આદિવાસી ચિત્રકામ છે.

(2) પિથોરા એ આદિવાસી ટેરાકોટા કળા છે.

(3) પિથોરા કળા એ સામાન્યરીતે લીંપણ દિવાલો (mud walls) ઉપર જ ચિતરેલી હોય છે.

(A) માત્ર 1
(B) માત્ર 1 અને 2
(C) માત્ર 2 અને 3
(D) 1, 2 અને 3

011. હિંદુસ્તાની કવિતા ‘સરફરોશી કી તમન્ના અબ હમારે દિલ મેં હે’, એ .......... દ્વારા લખવામાં આવી હતી.

(A) રામ પ્રસાદ બિસ્મીલ
(B) ચંદ્ર શેખર આઝાદ
(C) અશફકુલ્લા ખાન
(D) ભગત સિંહ

012. મહાત્મા ગાંધીની આત્મ કથા ‘‘સત્યના પ્રયોગો અથવા આત્મકથા’’નું કોણે અંગ્રેજીમાં ભાષાંતર કર્યું ?

(A) ઝવેરચંદ મેઘાણી
(B) મહાદેવ દેસાઈ
(C) પન્નાલાલ પટેલ
(D) સરદાર પટેલ

013. 1615 માં ઈંગ્લેન્ડના શાસક જેમ્સ પહેલાના રાજદૂત .......... એ જહાંગીરના દરબારમાં પહોંચ્યા હતા.

(A) સર જેમ્સ હે
(B) સર જોહ્‌ન ડીગ્બી
(C) સર થોમસ હૉવર્ડ
(D) સર થોમસ રૉ

014. નીચેના પૈકી કઈ બાબત એ બંગાળના ભાગલા સામેની ભાગલા વિરોધી ચળવળનું નોંધપાત્ર પાસું ન હતું ?

(A) સ્વદેશી ભાવના
(B) સામુહિક મજદૂર હડતાલ
(C) રાષ્ટ્રીય શિક્ષણ
(D) ઉપરના પૈકી એકપણ નહીં

015. થીયોસોફીકલ સોસાયટી વિશે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(1) તે 1875 માં મેડમ એચ.પી. બ્લાવટસ્કી તથા ભૂતપૂર્વ અંગ્રેજ સેના અધિકારી કર્નલ એચ. એસ. ઓલ્કોટ દ્વારા સ્થાપવામાં આવી હતી.

(2) તેનો ઉદ્દેશ એ માનવોમાં સાર્વત્રિક ભાઈચારો સ્થાપવાનો હતો.

(3) તેનું લક્ષ્ય એ પ્રાચીન ધર્મ અને તત્ત્વજ્ઞાનના અભ્યાસને પ્રોત્સાહિત કરવાનો હતો.

(4) તે ગૂઢવિદ્યા (occultism) પર ભાર મૂકતી હતી.

(A) માત્ર 2, 3 અને 4
(B) માત્ર 1, 3 અને 4
(C) માત્ર 1, 2 અને 4
(D) 1, 2, 3 અને 4

016. નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

(1) સોલંકી (રાજા)ઓ વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયીઓ હતા.

(2) જૈન બંધુઓ વસ્તુપાલ અને તેજપાલ એ ચાવડા રાજાઓના દરબારમાં હતા.

(3) સુલતાન બહાદૂર શાહે અમદાવાદ શહેરની સ્થાપના કરી હતી.

(A) માત્ર 1
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 2
(D) 1, 2 અને 3

017. નીચેના પૈકી કયું વિધન / કયા વિધનો સત્ય છે ?

(A) ગુજરાતમાં હિંદુઓ ઉપર સૌ પ્રથમવાર જીઝયા (Jizya) અહેમદ શાહે લાધ્યો.

(B) ઈટાલીયન યાત્રી બાર્થેમાં માટે ભારતમાં સૌ પ્રથમ રોકાણ એ સુરત હતું.

(C) (A) તથા (B) બંને

(D) (A) અથવા (B) એકપણ નહી

018. મોટા પ્રાણીની સળગેલી પાંસળી પર બનાવેલી અંશાંકિત (graduated) માપપટ્ટી એ .......... ખાતેથી મળી આવેલ છે.

(A) લાંઘણજ
(B) રોજડી
(C) ધોલાવીરા
(D) મોટી પીપળી

019. 'A' (મહાન ભક્તિ ગુરુઓ) ને 'B' (તેમની પ્રવૃત્તિના ક્ષેત્રો) સાથે જોડો અને સાચો ઉત્તર પસંદ કરો.

| | |
|---|---|
| (1) ચૈતન્ય | (a) મહારાષ્ટ્ર |
| (2) નામદેવ | (b) પંજાબ |
| (3) નાનકદેવ | (c) બંગાળ |
| (4) રામાનંદ | (d) ઉત્તરપ્રદેશ |

(A) 1 - d, 2 - a, 3 - b, 4 - c
(B) 1 - c, 2 - a, 3 - b, 4 - d
(C) 1 - c, 2 - d, 3 - b, 4 - a
(D) 1 - b, 2 - a, 3 - d, 4 - c

**020.** મહંમદ બેગડા વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

(1) તેણે ગુજરાત ઉપર 50 વર્ષથી વધુ સમય શાસન કર્યું.

(2) તેણે મુહંમદાબાદ નામનું નવું શહેર બંધાવ્યું.

(3) ઉદયરાજ કે જેમણે ફારસી (પર્શિયન) ભાષામાં રચનાઓ કરી છે તે તેમના દરબારના કવિ હતા.

(A) માત્ર 1
(B) માત્ર 1 અને 2
(C) માત્ર 2 અને 3
(D) 1, 2 અને 3

**021.** કયા અધિનિયમ (Act) વિશે જવાહરલાલ નેહરૂએ કહ્યું હતું કે ‘‘આપણને કાર આપવામાં આવી છે, બધી બ્રેક આપી છે અને એંજીન નથી.’’

(A) રાણી વિક્ટોરીયાના ઘોષણા
(B) ભારત સરકાર અધિનિયમ, 1919 (Government of India Act, 1919)
(C) ભારત સરકાર અધિનિયમ, 1935 (Government of India Act, 1935)
(D) ઓગસ્ટ દરખાસ્ત, 1940

**022.** નીચેના પૈકી કયા અહેમદ એ અમદાવાદ શહેરનો પાયો નાખવામાં સંકળાયેલા ચાર અહેમદ પૈકીના નથી ?

(A) શેખ અહેમદ ખટ્ટુ
(B) સુલતાન અહેમદશાહ - પહેલા
(C) મલિક અહેમદ
(D) કાઝી અહેમદ ખાન

**023.** મૌર્ય સમાજનું સાત વર્ગોમાં વિભાજનની બાબતનો ઉલ્લેખ એ વિશેષતઃ .......... માં કરવામાં આવ્યો હતો.

(A) મેગેસ્થનીઝની ઈન્ડીકા
(B) કૌટીલ્યના અર્થશાસ્ત્ર
(C) બૌધ્ધ ગ્રંથો
(D) વિશાખાદત્તના મુદ્રારાક્ષસ

**024.** સૌરાષ્ટ્રના શાસન માટે અશોક દ્વારા .......... ની નિમણૂંક કરવામાં આવી હતી.

(A) જસ્ટીન (Justin)
(B) તુષરૂપા (Tushaspa)
(C) પ્લીની (Pliny)
(D) પ્લુટાર્ચ (Plutarch)

**025.** મેજર એલેક્ઝાન્ડર વોકર એ .......... દ્વારા વડોદરાના પ્રથમ નિવાસી (રહેવાસી) તરીકે નીમવામાં આવ્યા.

(A) રાજ્યપાલ ડંકન (Governor Duncan)
(B) કર્નલ ફર્ણે (Colonel Farne)
(C) કર્નલ કિટ્ટીંગ (Colonel Kitting)
(D) કોટન બર્નવેલ (Captain Burnwel)

**026.** નિરપેક્ષ સંદર્ભમાં આયોજનની સમય અવધિમાં કૃષિ પ્રવૃત્તિઓમાં રોકાયેલા લોકોની સંખ્યા .......... છે.

(A) અચળ રહેલ
(B) વધી
(C) ઘટી
(D) પ્રથમ વધી અને પછી ઘટી

027. કરવેરા અંગે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

(1) પ્રત્યક્ષ કર એ છે કે જેની વ્યક્તિ અથવા સંસ્થા, કર લાદનાર તંત્રને સીધી ચૂકવણી કરે છે.

(2) વાસ્તવિક મિલકતવેરા, વ્યક્તિગત મિલકતવેરા, આવકવેરા સહિતના વિવિધ હેતુઓ માટે સરકારને પ્રત્યક્ષ રીતે ચૂકવવામાં આવતા વેરાઓ એ પ્રત્યક્ષ કરના ઉદાહરણ છે.

(3) પરોક્ષ વેરાઓ એ વેરાન અંતિમ આર્થિક બોજ લેનાર વ્યક્તિ પાસેથી મધ્યસ્થી દ્વારા ઉઘરાવવામાં આવે છે.

(A) 1, 2 અને 3 (B) માત્ર 2 અને 3

(C) માત્ર 1 અને 3 (D) માત્ર 1 અને 2

028. .......... ધોરણ અનુસાર કોઈ જો વ્યક્તિ એ અઠવાડીયાના એક દિવસ માટે પણ રોજગાર મેળવેલ હોય તો તે અઠવાડીયા માટે રોજગાર મેળવેલ છે તેમ ગણવામાં આવે છે.

(A) સામાન્ય સ્થિતિ (Usual status)

(B) વર્તમાન સાપ્તાહિક સ્થિતિ (Current weekly status)

(C) વર્તમાન દૈનિક સ્થિતિ (Current daily status)

(D) વર્તમાન વાર્ષિક સ્થિતિ (Current yearly status)

029. વિદેશી દેવું બાબતે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

(1) વિદેશી દેવું એ સરકાર, કોર્પોરેશન કે ખાનગી પરિવહન દ્વારા અન્ય દેશની સરકાર, કે ખાનગી શરાફ પાસેથી નાણાં ઉધાર લીધા હોય તે છે.

(2) આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ જેવી કે વિશ્વ બેંક, ADB અને IMF પાસેથી મેળવેલ લાભ એ વિદેશી દેવામાં સમાવિષ્ટ થતો નથી.

(3) કુલ વિદેશી દેવામાં લાંબાગાળાની જવાબદારીઓનો સમાવેશ થાય છે ટૂંકાગાળાની જવાબદારીઓ નહી.

(A) 1, 2 અને 3 (B) માત્ર 2 અને 3

(C) માત્ર 1 અને 2 (D) માત્ર 1 અને 3

030. આર્થિક વિકાસની એ વિભાવના કે જે સમગ્ર સમાજમાં એક ઉચિત રીતે વિતરીત થાય છે અને તે બધા માટે તકોનું નિર્માણ કરે છે તે .......... કહેવાય છે.

(A) ટકાઉ વિકાસ (Sustainable growth) (B) સ્થાયી વિકાસ (Stable growth)

(C) સમાવિષ્ટ વૃધ્ધિ (Inclusive growth) (D) અનન્ય વૃધ્ધિ (Exclusive growth)

031. 2011 ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાત વેશ નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

(1) ભારતની વસ્તી ગીચતામાં ગુજરાત 10મા ક્રમે છે.

(2) ગુજરાત એ ભારતનો 5.79% વિસ્તાર સમાવિષ્ટ કરે છે.

(3) ગુજરાતની વસ્તી એ ભારતની વસ્તીના 3.82% છે.

(4) ગુજરાતના જિલ્લાઓમાં ડાંગ જિલ્લામાં વધુત્તમ વસ્તી છે.

(A) માત્ર 1, 3 અને 4 (B) માત્ર 2, 3 અને 4

(C) માત્ર 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4

032. કોઈપણ સમયગાળા દરમ્યાન એક દેશ અને બાકીના વિશ્વની વચ્ચેના તમામ આર્થિક વ્યવહારોનો સમાવેશ કરતી ડબલ એન્ટ્રી નામા બેલેન્સ શીટના રૂપમાં રાખેલા વ્યવસ્થિત રેકોર્ડને .......... કહે છે.

(A) વેપારની ખોટ (Trade Deficit)
(B) વેપારની શરતો (Terms of trade)
(C) વેપાર સંતુલન (Balance of Trade)
(D) ઉપરના પૈકી એકપણ નહીં

033. અટલ પેન્શન યોજના (APY) બાબતે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

(1) APY હેઠળ પ્રતિ મહિને રૂા. 1,000 અને રૂા. 2,500 વચ્ચેના ગ્રાહકો માટે બાંહેધરીપૂર્વકનું લઘુત્તમ માસિક પેન્શન છે.
(2) ભારત સરકાર પણ ગ્રાહકના ફાળાના 50% અથવા પ્રતિ મહિને રૂા. 1,000, જે ઓછું હોય, તો પ્રમાણેનો સહફાળા આપશે.
(3) માત્ર સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયાના ખાતા ધારકો APY માં જોડાઈ શકે છે.

(A) 1, 2 અને 3
(B) માત્ર 1 અને 2
(C) માત્ર 2 અને 3
(D) માત્ર 1 અને 3

034. ભારતના આર્થિક સર્વેક્ષણ બાબતે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાને સત્ય છે ?

(1) પ્રથમ આર્થિક સર્વેક્ષણ એ 1950-51 માં રજૂ કરવામાં આવ્યું હતું.
(2) આર્થિક સર્વેક્ષણ એ દેશના આર્થિક વિકાસનું વિગતવાર વિશ્લેષણ તથા અર્થતંત્રના વિવિધ ક્ષેત્રો સંબંધિત ઘણી માહિતી ધરાવે છે.
(3) 2014 સુધી તે યુનિયન (સંઘ) બજેટ સાથે રજૂ કરવામાં આવતું હતું, પરંતુ ત્યારબાદ તે યુનિયન બજેટથી અલગ કરવામાં આવ્યું.
(4) આર્થિક સર્વેક્ષણ એ સરકારને નીતિ પરિવર્તનની ભલામણો પણ કરે છે કે જે સરકારને બંધનકર્તા છે.

(A) 1, 2, 3 અને 4
(B) માત્ર 2, 3 અને 4
(C) માત્ર 1 અને 2
(D) માત્ર 1, 3 અને 4

035. 2011ની વસ્તી ગણતરી પ્રમાણે નીચેના પૈકી કયા જિલ્લાઓમાં સાક્ષરતામાં પ્રથમ ત્રણ ક્રમે આવ્યા છે ?

(A) સુરત, ગાંધીનગર, અમદાવાદ
(B) સુરત, અમદાવાદ, આણંદ
(C) અમદાવાદ, આણંદ અને વડોદરા
(D) સુરત, અમદાવાદ અને રાજકોટ

036. તાજેતરમાં ભારતીય ટેલીકોમ ક્ષેત્ર ક્રાંતિકારી પરિવર્તનોનો સાક્ષી બનેલ છે. આ બાબતમાં નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

(1) 2009 માં પ્રથમ નેશનલ ટેલીકોમ નીતિ (NTP) રજૂ કરવામાં આવી.
(2) 2012 માં વધુ એક ટેલીકોમ નીતિ રજૂ કરવામાં આવી.
(3) 2019 માં નેશનલ ડીજીટલ કોમ્યુનિકેશન પોલીસીનો મુસદો તૈયાર કરવામાં આવ્યો.

(A) 1, 2 અને 3
(B) માત્ર 2
(C) માત્ર 1 અને 3
(D) માત્ર 1 અને 2

037. ચક્રિય (Cyclical) બેરોજગારી એ .......... ના કારણે થતી બેરોજગારીના સંદર્ભે હોય છે.

(1) વ્યાપારની ચક્રિય પ્રકૃતિના કારણે

(2) વૈશ્વિક બજારમાં મંદીના કારણે

(3) લોકો એક નોકરીથી અન્ય નોકરી બદલતા હોવાથી

(4) ઉપલબ્ધ નોકરી તથા બેરોજગારોના કૌશલ્ય સ્તર વચ્ચેની વિસંગતતાના કારણે.

નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 3

(C) માત્ર 2 અને 3 (D) માત્ર 1 અને 4

038. ગુજરાત વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

(1) ભારત દરિયા કિનારાના 24% સાથે ગુજરાત એ સૌથી લાંબો દરિયા કિનારો ધરાવે છે.

(2) ગુજરાત એ તેના ભૌગોલિક વિસ્તારનો માત્ર 11.03% વન વિસ્તાર ધરાવે છે કે જે રાષ્ટ્રીય સરેરાશથી ઊંચો છે.

(3) રાજકોટ જિલ્લો તેના ભૌગોલિક વિસ્તારનો માત્ર 1.38% વન વિસ્તાર ધરાવે છે જે રાજ્યમાં સૌથી ઓછો છે.

(A) 1, 2 અને 3 (B) માત્ર 2 અને 3

(C) માત્ર 1 અને 3 (D) માત્ર 1 અને 2

039. ગુજરાત મેદાનો અને ટેકરીઓ કૃષિ આબોહવા ક્ષેત્ર (Plains and Hills Agro Climatic Zone) બાબતે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

(1) ગુજરાત, રાજસ્થાન, દાદરા નગર હવેલી અને દીવ તથા દમણ આ ક્ષેત્ર હેઠળ આવે છે.

(2) આ ક્ષેત્ર હેઠળ ગુજરાતમાં સાત પેટા કૃષિ આબોહવા ક્ષેત્રો આવેલા છે.

(3) ઉત્તર ગુજરાત પેટા ક્ષેત્ર હેઠળ બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાઓ આવે છે.

(A) 1, 2 અને 3 (B) માત્ર 2 અને 3

(C) માત્ર 1 અને 2 (D) માત્ર 1 અને 3

040. નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

(1) ચોખ્ખા (Net) વાવેલો વિસ્તાર વર્ષના પાકની ઋતુમાં ઓછામાં ઓછો એક વખત પાક સાથે વાવેલો વિસ્તાર રજૂ કરે છે.

(2) કુલ પાકનો વિસ્તાર ચોક્કસ વર્ષમાં એકવાર અને / અથવા એક કરતાં વધુ વખત વાવેલો કુલ વિસ્તાર દર્શાવેલ છે.

(3) વર્તમાન પડતર જમીન એ એક અથવા એક કરતાં ઓછા કૃષિ વર્ષ માટે ખેતી વિનાની જમીન છે.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3

(C) માત્ર 1 અને 3 (D) 1, 2 અને 3

041. સમુદ્રમાં તળ રેખા (base line) થી 2000 નોટીકલ માઈલના અંતર સુધીનો વિસ્તાર .......... કહેવાય છે.

(A) ઉચ્ચ સમુદ્ર વિસ્તાર (High sea zone)

(B) વિશિષ્ટ આર્થિક વિસ્તાર (Exclusive economic zone)

(C) પ્રાદેશિક વિસ્તાર (Territorial zone)

(D) સમાવિષ્ટ આર્થિક વિસ્તાર (Inclusive economic zone)

042. નીચેના પૈકી કઈ જોડી/જોડીઓ યોગ્ય રીતે જોડાયેલી છે ?

(1) દ્વિપકલ્પ ઉચ્ચ પ્રદેશ – પૃથ્વીનું સૌથી પ્રાચીન ભૂમિ સ્વરૂપ

(2) માળવાનો ઉચ્ચ પ્રદેશ – લાવા પ્રવાહ અને તે કાળી જમીનથી આવૃત્ત થયેલ છે.

(3) છોટાનાગપુર ઉચ્ચ પ્રદેશ – ગોંડવાના ખડકો

(4) મહારાષ્ટ્ર ઉચ્ચ પ્રદેશ – બેસાલ્ટીક ખડકો

M

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 2, 3 અને 4

(C) માત્ર 1, 2 અને 3 (D) માત્ર 1, 2 અને 4

043. ભારતમાં વન વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

(1) દેશનો કુલ વન વિસ્તાર એ દેશના ભૌગોલિક વિસ્તારના 21.67% છે.

(2) વધુ વન આવરણ ક્ષેત્રના સંદર્ભમાં કર્ણાટક, આંધ્રપ્રદેશ અને કેરળ એ ત્રણ ટોચના રાજ્યો છે.

(3) ભારત એ તેના ભૌગોલિક વિસ્તારમાં 13.20% ગાઢ વન ધરાવે છે.

(A) 1, 2 અને 3 (B) માત્ર 2 અને 3

(C) માત્ર 1 અને 2 (D) માત્ર 1 અને 3

044. ભારત ખનીજ અહેવાલ (India Mineral Report) 2019-20 બાબતે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

(A) ગુજરાત એ દેશના કુલ ખનીજ ઉત્પાદનના 5% હિસ્સો ધરાવે છે. (પરમાણ્વીય અને ઇંધણ ખનીજ સિવાય)

(B) ઝારખંડ એ દેશના 25% ખનીજ ઉત્પાનદ સાથે પ્રથમ ક્રમે છે. (પરમાણ્વીય અને ઇંધણ ખનીજ સિવાય)

(C) (A) તથા (B) બંને

(D) (A) અથવા (B) એકપણ નહી

045. નીચેના પૈકી કયા બે દેશો વસ્તીના ઉતરતા ક્રમમાં ચીન તથા ભારત પછીના ક્રમે આવે છે ?

(A) બ્રાઝિલ અને USA

(B) USA અને ઈન્ડોનેશિયા

(C) ઈન્ડોનેશિયા અને બ્રાઝીલ

(D) રશિયા અને ઈન્ડોનેશિયા

046. નીચેના પૈકી ભારતનું કયું રાજ્ય એ નીચે દર્શાવેલ લાક્ષણિકતાઓ ધરાવે છે ?

(1) તેનો ઉત્તર ભાગ એ શુષ્ક અને અર્ધશુષ્ક છે.

(2) તેનો મધ્ય ભાગ એ કપાસનું ઉત્પાદન કરે છે.

(3) ખાદ્યપાક કરતાં મુખ્યત્વે રોકડીયા પાકનું વાવેતર થાય છે.

(4) ભારતમાં સીરામીક ઉત્પાદનમાં તે પ્રથમ ક્રમનું રાજ્ય છે.

(A) આંધ્રપ્રદેશ
(B) ગુજરાત
(C) કર્ણાટક
(D) તમિલનાડુ

047. નીચેના પૈકી કયું વિધાન સત્ય છે ?

(A) ભારતથી USA મુસાફરી કરી રહેલ યાત્રીઓ આંતરરાષ્ટ્રીય દિનાંતર રેખાની બીજી બાજુએ એક દિવસનો ફાયદો પ્રાપ્ત કરે છે.

(B) મેક્સીકોથી ન્યૂઝીલેન્ડ જઈ રહેલા યાત્રીને એક દિવસનું નુકસાન થાય છે.

(C) જો 12 કલાકની ઘડિયાળમાં દિલ્હીમાં 5:30 કલાક થયેલા હોય તો, 24 કલાકની ઘડિયાળમાં લંડનમાં 00:00 થયા હશે.

(D) ઉપરના તમામ

048. ગુજરાતમાં પઢાર આદિજાતિ સમુદાય બાબતે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

(1) આ આદિજાતિ એ ગુજરાતની આદિમ્ આદિજાતિ જૂથ છે.

(2) આ આદિજાતિ વસ્તીએ અમરેલી અને પોરબંદરમાં કેન્દ્રીત છે.

(3) આ સમુદાયની મુખ્ય પરંપરાગત પ્રવૃત્તિઓ એ મૂળ, શાકભાજી તથા માછલી એકત્રિત કરવાની છે.

(4) આ આદિજાતી એ ગુજરાતની કુલ આદિમ્ આદિજાતિ વસ્તીની અડધા કરતા વધુ વસ્તી ધરાવે છે.

(A) 1, 2, 3 અને 4
(B) માત્ર 1 અને 3
(C) માત્ર 2 અને 4
(D) માત્ર 1, 2 અને 3

049. W. Koppen આબોહવા પ્રકારની નીચેના પૈકીની કયા પ્રકારની આબોહવા એ મુખ્યત્વે ગુજરાત રાજ્યમાં ફેલાયેલી છે ?

(A) Bwhw & Cwg
(B) Aw & Bshw
(C) Aw & Bwhw
(D) ઉપરના પૈકી એકપણ નહીં

050. Multi Application Solar Telescope (MAST) એ .......... સૌર વેધશાળા ખાતે કાર્યાન્વીત છે.

(A) બેંગાલૂરૂ
(B) માઉન્ટ આબુ
(C) શ્રી હરિકોટા
(D) ઉદયપુર

051. ઈસરોનું ભારતનું Geo-platform, ભુવન એ મૂલતઃ .......... છે.

(A) સોફ્ટવેર એપ્લીકેશન (Software Application)

(B) ઉપગ્રહ પ્રણાલી (Satellite System)

(C) ઉપગ્રહ નક્ષત્ર (Satellite Constellation)

(D) પ્રક્ષેપણ વાહન (Launch Vehicle)

052. પરમાણ્વીય ઊર્જા પ્લાન્ટમાં ઊર્જાના ઉત્પાદન બાબતે નીચેના પૈકી કયું વિધાન સત્ય છે ?
(A) પરમાણ્વીય સંયોજન (Nuclear fusion) ની પ્રક્રિયાથી ઊર્જા ઉત્પન્ન થાય છે.
(B) અનિયંત્રિત શ્રૃંખલા પ્રતિક્રિયા (Uncontrolled chain reaction)
(C) નિયંત્રિત શ્રૃંખલા પ્રતિક્રિયા (Controlled chain reaction) સાથે પરમાણ્વીય વિખંડન (Nuclear fission) પ્રક્રિયા દ્વારા ઊર્જા ઉત્પન્ન થાય છે.
(D) શીત સંયોજન (Cold fusion) પ્રક્રિયા દ્વારા ઊર્જા ઊત્પન્ન થાય છે.

053. નીચે દર્શાવેલી જળચર ઈકો સિસ્ટમ પૈકી કઈ એ સૌથી વધુ ચોખ્ખી પ્રાથમિક ઉત્પાદકતા (Net Primary Productivity) ધરાવે છે ?
(A) ખુલ્લા મહાસાગરો (Open Oceans)
(B) ખંડીય છાજલીઓ (Continental Shelf)
(C) મુખ ત્રિકોણ પ્રદેશ (Estuaries)
(D) પ્રવાહો (Streams)

054. નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?
(A) Nirbhay એ ભારતની સૌ પ્રથમ સ્વદેશી રીતે તૈયાર કરેલ તથા વિકસાવેલ લાંબા મર્યાદાની સબસોનીક ક્રુસ મીસાઈલ (Long range subsonic cruise missile) છે.
(B) Nirbhay એ બહુવિધ પ્લેટફોર્મ ઉપરથી ઉપયોગ કરી શકાય છે.
(C) (A) તથા (B) બંને
(D) (A) અથવા (B) એકપણ નહીં

055. ISRO ના સૌ પ્રથમ સ્વદેશી પ્રાયોગિક સંચાર ઉપગ્રહનું નામ .......... હતું.
(A) આર્યભટ્ટ
(B) રોહિણી
(C) INSAT-1A
(D) ઉપરના પૈકી એકપણ નહીં

056. ચંદ્રયાન-2 મિશનના પ્રથમ ભારતીય ચંદ્ર ઉતરાણ અવકાશયાન (Moon landing spacecraft) નું નામ શું હતું ?
(A) સતીશ ધવન ચંદ્ર અવકાશયાન
(B) કલામ
(C) વિક્રમ
(D) ઉપરના પૈકી એકપણ નહીં

057. Indian National Grid Computing Initiative કે જે C-DAC દ્વારા શરૂ કરવામાં આવેલ છે તેનું નામ શું છે ?
(A) Garuda
(B) SWAYAM
(C) PARAM
(D) SHODHGANGA

058. તાજેતરમાં જ પ્રક્ષેપણ કરવામાં આવેલ Quick Reaction Surface to Air Missile (QRSAM) બાબતે નીચેના પૈકી કયું વિધાન સત્ય છે ?
(1) ગતિમાન સશસ્ત્ર વાહનને હવાઈ હુમલાઓથી બચાવવા માટે QRSAM નું નિર્માણ કરવામાં આવ્યું છે.
(2) QRSAM ની પહોંચ મર્યાદા 200-300 kms છે.
(3) QRSAM એ 2024 સુધીમાં ભારતીય સેનામાં સમાવિષ્ટ કરવામાં આવશે.
(A) માત્ર 1
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 3
(D) 1, 2 અને 3

059. સ્નાયુઓના સંકોચન માટે માનવ શરીરને નીચેના પૈકી કયું ખનીજ / કયા ખનીજોની જરૂરીયાત હોય છે ?

(1) કેલ્શીયમ (2) લોહ (3) સોડીયમ

(A) માત્ર 1
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 3
(D) 1, 2 અને 3

060. આંત્રપુચ્છ (Appendix) એ માનવ શરીરના .......... ભાગ સાથે જોડાયેલું હોય છે.

(A) પિત્તાશય
(B) નાનું આંતરડું
(C) મૂત્રપિંડ
(D) ઉપરના પૈકી એકપણ નહીં

061. ભારત સરકાર અધિનિયમ, 1935 ની નીચેના પૈકીની કઈ અનુસૂચિ (Schedule) કાયદાકીય સૂચિઓ ધરાવે છે ?

(A) પાંચમી અનુસૂચિ
(B) છઠ્ઠી અનુસૂચિ
(C) સાતમી અનુસૂચિ
(D) આઠમી અનુસૂચિ

062. અનુચ્છેદ 51-A ના 86 મા બંધારણીય સુધારા દ્વારા નીચેના પૈકી કઈ મૂળભૂત ફરજને ઉમેરવામાં આવી છે ?

(A) વૈયક્તિક અને સામુહિક પ્રવૃત્તિના તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની.
(B) માતા-પિતાએ પોતાના બાળનો શિક્ષણની તકો પૂરી પાડવાની.
(C) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની.
(D) જાહેર મિલકતનું રક્ષણ કરવાની.

063. પંચાયતી રાજ સંસ્થાઓમાં વસ્તીના ચોક્કસ વર્ગના પ્રતિનિધિત્વ માટે અનામત બેઠકો બાબતે નીચેના પૈકી કયા વિધાનો સત્ય છે ?

(1) રાજ્યમાં SCs ને તેમની વસ્તીના પ્રમાણમાં અનામત બેઠકો.
(2) અનુસૂચિત જનજાતિ માટે અનામત બેઠકો એ જે તે પંચાયત ક્ષેત્રમાં તેમની વસ્તી સાથે સાંકળી લેવામાં આવે છે.
(3) પછાત વર્ગ માટે અનામત બેઠકો એ અનિવાર્યપણે તેમની વસ્તી સાથે સાંકળી લેવામાં આવતી નથી.

(A) 1, 2 અને 3
(B) માત્ર 1 અને 2
(C) માત્ર 1 અને 3
(D) માત્ર 2 અને 3

064. .......... સાથે સંબંધિત બાબતોમાં સંઘ લોક સેવા આયોગનો પરામર્શ કરવામાં આવતો નથી.

(A) મુલ્કી સેવાઓમાં ભરતીની પ્રક્રિયાઓ સંબંધિત બાબતો.
(B) ભારત સરકારની સેવાઓમાં નાગરિક તરીકે સેવા બજાવી રહેલ વ્યક્તિને સ્પર્શતી શિસ્તને લગતી બાબતો.
(C) રાજ્ય સરકારની સેવાઓમાં નાગરિક તરીકે સેવા બજાવી રહેલ વ્યક્તિને સ્પર્શતી શિસ્તને લગતી બાબતો.
(D) પધ્ધતિ કે જેમાં અનુચ્છેદ 335 ની જોગવાઈઓનો જ અમલ આપી શકાય.

065. નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

(1) મુખ્ય ચૂંટણી આયુક્ત તથા ચૂંટણી આયુક્તોને એક સમાન રીતે (હોદ્દા ઉપરથી) દૂર કરી શકાય છે.

(2) બંધારણનો 324 મો અનુચ્છેદ એ લોકસભાની ચૂંટણીના સંદર્ભે છે.

(3) મતનો અધિકાર એ બંધારણીય અધિકાર છે.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3

(C) માત્ર 3 (D) 1, 2 અને 3

066. ભારતના બંધારણમાં પ્રતિષ્ઠાપિત (enshrinal) ભારતમાં બિન સાંપ્રદાયિકતા નીચેના વિચારોથી પ્રેરિત છે. આ બાબતમાં નીચેના પૈકી કયું વિધાન સત્ય નથી ?

(A) તમામ ધર્મોનો આદર તથા સંરક્ષણ

(B) તમામ ધર્મોથી સમાન અંતરાલ ધરાવતું રાજ્ય

(C) ધર્મના આધારે કોઈપણ વ્યક્તિ સામે ભેદભાવ નહીં

(D) ધાર્મિક અને ભાષાકીય લઘુમતીઓને વિશિષ્ટ સાંસ્કૃતિક, શૈક્ષણિક અને રાજકીય અધિકારો.

067. નીચેના પૈકી કયું વિધાન એ લોકસભા અને લોકસભાના અધ્યક્ષ બાબતે સત્ય નથી ?

(A) જ્યારે મત બાબતે મડાગાંઠ થાય ત્યારે અધ્યક્ષ એ મડાગાંઠનો ઉકેલ લાવવા માટે પોતાનો નિર્ણય મત આપી શકે.

(B) બે ગૃહોની સંયુક્ત બેઠક એ લોકસભાના નિયમો અનુસાર યોજાય છે નહિ કે રાજ્યસભાના નિયમો

(C) અધ્યક્ષ તરીકે ચૂંટાયા બાદ અધ્યક્ષે પોતાના પક્ષની સદસ્યતામાંથી રાજીનામું આપવું પડે.

(D) લોકસભા અને રાજ્યસભાની સંયુક્ત બેઠક અધ્યક્ષના પ્રમુખપદ હેઠળ યોજાય છે.

068. કેન્દ્રમાં મંત્રીમંડળનું મહત્તમ માન્ય સદ બાબતે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

(A) લોકસભાના કુલ સદસ્યોના 15% થી વધુ હોઈ શકે નહીં.

(B) બંને ગૃહોના કુલ સભ્યોની સંખ્યાના 15% થી વધુ હોઈ શકે નહીં.

(C) મહત્તમ કદ 75 છે, પરંતુ રાષ્ટ્રપતિની મંજૂરીથી 100 સુધી વિસ્તારી શકે છે.

(D) બંને ગૃહોના કુલ સભ્યોના 10% થી વધુ હોઈ શકે નહીં.

069. ભારતમાં જો કોઈ ધાર્મિક લઘુમતીને રાષ્ટ્રીય લઘુમતી તરીકેનો દરજ્જો માન્ય કરવામાં આવે, તો તે કયા અધિકાર પ્રાપ્ત કરે છે ?

(A) તેઓ વિશિષ્ટ શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપી અને સંચાલન કરી શકે છે.

(B) તેઓ વર્ષ 2006 ના પ્રધાનમંત્રીના 15 મુદ્દા કાર્યક્રમમાંથી લાભ મેળવી શકે છે.

(C) (A) તથા (B) બંને

(D) (A) અથવા (B) એકપણ નહી

070. ગુજરાત બાબતે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

(1) ગુજરાતની કુલ 26 લોકસભા બેઠકો પૈકીની 2 બેઠકો એ અનુસૂચિત જાતિ અને 4 બેઠકો અનુસૂચિત જનજાતિ માટે આરક્ષિત છે.

(2) 126 મો બંધારણીય સુધારણા અધિનિયમ એ લોકસભામાં SCs તથા STs ના આરક્ષણને વધુ 10 વર્ષ માટે લંબાવવાની જોગવાઈ કરે છે.

(3) 126 મા બંધારણીય સુધારણા અધિનિયમ એ એંગ્લો ઈન્ડીયન સમુદાય માટે આરક્ષણ લંબાવવાની જોગવાઈ કરતો નથી.

(A) 1, 2 અને 3 (B) માત્ર 2 અને 3

(C) માત્ર 1 અને 2 (D) માત્ર 1 અને 3

071. રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંત બાબતે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય નથી ?

(A) સંસદ એ માર્ગદર્શક સિધ્ધાંતોને લાગુ કરવા માટે મૂળભૂત અધિકારમાં સુધારો કરી શકે છે, જો કે આ સુધારા એ પાયાના લક્ષણોને સ્પર્શતા હોવા ન જોઈએ.

(B) તે કલ્યાણ રાજ્યની વિભાવનાને મૂર્તિમંત કરે છે.

(C) તે મૂળભૂત અધિકારોની પૂરવણી કરે છે.

(D) ઉપરના પૈકી એકપણ નહીં

072. હાલમાં ભારતના રાષ્ટ્રપતિ અને મંત્રીમંડળ વચ્ચેના સંબંધોનું .......... ની જોગવાઈ દ્વારા નિયમન કરવામાં આવે છે.

(A) 42મા બંધારણીય સુધારણા અધિનિયમ (B) 44મા બંધારણીય સુધારણા અધિનિયમ

(C) 48મા બંધારણીય સુધારણા અધિનિયમ (D) 54મા બંધારણીય સુધારણા અધિનિયમ

073. તાજેતરમાં નીચેના પૈકી ભારતના કયા જલપ્લાવિત ક્ષેત્ર (wetlands) એ રામસર સાઈટ પુનર્ગઠન પ્રાપ્ત કરી છે ?

(A) કબારટલ જલપ્લાવિત ક્ષેત્ર, બિહાર

(B) કોલ્લેરૂ જલપ્લાવિત ક્ષેત્ર, આંધ્રપ્રદેશ

(C) દાદરા નગર જલપ્લાવિત ક્ષેત્ર, દાદરા અને નગર હવેલી

(D) ઉપરના પૈકી એકપણ નહીં

074. ભારત સરકાર એ ભારત અને ............ વચ્ચે 1.8 km ના Feri Bridge ની ઘોષણા કરી છે.

(A) મ્યાનમાર (B) નેપાળ

(C) ભૂતાન (D) બાંગ્લાદેશ

075. ભારતીય રીઝર્વ બેંક અનુસાર હાઉસીંગ ફાઈનાન્સ કંપનીઓ પાસે ન્યૂનતમ ચોખ્ખી માલિકીનું ભંડોળ (Minimum net owned funds) .......... હોવું જોઈએ.

(A) INR 20 કરોડ (B) INR 200 કરોડ

(C) INR 50 કરોડ (D) INR 500 કરોડ

076. શ્રમ અને રોજગાર મંત્રાલયે ઔદ્યોગિક કામદારો માટે ઉપભોક્તા ભાવાંકનું પાયાનું વર્ષ 2001 થી .......... સુધીનું સ્વીકૃત કરેલ છે.

(A) 2006
(B) 2011
(C) 2016
(D) 2018

077. નીચેના પૈકી ભારતના કયા પાંચ રાજ્યોએ ગીધના રક્ષણ માટે સંરક્ષણ કેન્દ્રો મેળવ્યા છે ?

(A) ઉત્તર પ્રદેશ, તમિલનાડુ, ત્રિપુરા, આંધ્રપ્રદેશ અને ગુજરાત
(B) ઉત્તર પ્રદેશ, તમિલનાડુ, ત્રિપુરા, મહારાષ્ટ્ર અને કર્ણાટક
(C) મધ્ય પ્રદેશ, ઓરિસ્સા, રાજસ્થાન, હરીયાણા અને આસામ
(D) રાજસ્થાન, ગુજરાત, કેરળ, તેલંગાણા અને આસામ

078. નીચેના પૈકી કયું રાજ્ય એ સૌ પ્રથમ રાજ્ય છે કે જેણે શાકભાજી અને ફળો માટે લઘુત્તમ ટેકાના ભાવ જાહેર કર્યા છે ?

(A) ગુજરાત
(B) કર્ણાટક
(C) કેરળ
(D) ઉપરના પૈકી એકપણ નહીં

079. તાજેતરમાં વૈજ્ઞાનિકોએ સહ્યાદ્રિની પર્વતમાળામાં Echinops Sahyadrious નામની નવી પ્રજાતિ શોધી કાઢી છે. આ પ્રજાતિ .......... છે.

(A) ફૂલોના છોડ
(B) બિલાડીની પ્રજાતિઓ
(C) પતંગીયા
(D) ઉપરના પૈકી એકપણ નહીં

080. ભારતમાં 27મી ઓક્ટોબર થી 2જી નવેમ્બર 2020 દરમ્યાન તકેદારી જાગૃતિ સપ્તાહ (Vigilance Awareness Week) મનાવવામાં આવ્યું. આ કાર્યક્રમનો મુખ્ય વિચાર .......... હતો.

(A) સ્વચ્છ ભારત, સ્વચ્છ શાસન
(B) સતર્ક ભારત, પરિશુભ્ર ભારત
(C) સતર્ક ભારત, સમૃધ્ધ ભારત
(D) ઉપરના પૈકી એકપણ નહીં

081. ભારતીય મૂળના વેવેલ રામકલવાન (Wavel Ramkalwan) એ .......... દેશના પ્રમુખ તરીકે ચૂંટાયા છે.

(A) માલદીવ (Maldives)
(B) સેશેલ્સ (Seychelles)
(C) મોરેશિયસ (Mauritius)
(D) પાપુઆ ન્યુ ગિની (Papua New Guinea)

082. પ્રવાસન મંત્રાલયના India Tourism Statistics At a Glance - 2020 અનુસાર .......... રાજ્યએ 2019માં વિદેશી પર્યટક મુલાકાતીઓના સંદર્ભમાં ટોચના ક્રમે આવે છે.

(A) ઉત્તર પ્રદેશ
(B) કર્ણાટક
(C) ગુજરાત
(D) તમિલનાડુ

083. તાજેતરમાં પ્રધાનમંત્રી શ્રી મોદીએ ગુજરાતમાં કિસાન સૂર્યોદય યોજના લાગુ કરી છે. આ યોજના .......... સંબધિત છે.

(A) ખેડૂતોને સૌર પેનલ
(B) ખેડૂતો માટે દિવસ દરમ્યાન વિદ્યુત ઊર્જા
(C) ખેડૂતો માટે સૌર પંપ સેટ
(D) ખેડૂતો માટે જળવિભાજક (Watershed) યોજના

084. રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન અનુસાર નીચેના પૈકી કયું રાજ્ય એ એનીમીયા મુક્ત ભારત સૂચકાંકમાં ટોચના ક્રમે આવેલ છે ?

(A) હરિયાણા
(B) મહારાષ્ટ્ર
(C) કેરળ
(D) હિમાચલ પ્રદેશ

085. નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

(1) તાજેતરમાં એન્ટી સબમરીન યુધ્ધ સ્ટીલ્થ કોર્વેટ (Anti submarine warfare stealth corvette) INS કાવરટ્ટી ભારતીય નૌસેનાને સોંપ્યું.

(2) INS કાવરટ્ટી એ સ્વદેશી બનાવટની ચાર Anti submarines માંની અંતિમ છે.

(3) આ સબમરીનો એ Project 28 (Kamorta Class) અંતર્ગત બનાવવામાં આવી છે.

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 3
(D) 1, 2 અને 3

086. એક વસ્તુને રૂા. 1000માં વેચવાથી 5% ખોટ જતી હોય, તો 5% નફો મેળવવા તે વસ્તુ કયા ભાવે વેચવી જોઈએ ?

(A) રૂા. 1085.26
(B) રૂા. 1105.26
(C) રૂા. 1125.26
(D) ઉપરના પૈકી કોઈ નહી

087. એક રાજ્યની કુલ વસ્તીના 55% સ્ત્રીઓ છે તથા 80% પુરુષો સાક્ષર છે. જો તે રાજ્યમાં કુલ સાક્ષરતાનો દર 58% હોય તો સ્ત્રીઓની સાક્ષરતા કેટલી હશે ?

(A) 32%
(B) 36%
(C) 40%
(D) 60%

088. બે અંકની એક સંખ્યાના અંકોની અદલાબદલી કરવાથી મળતી નવી સંખ્યા મૂળ સંખ્યા કરતા 18 જેટલી વધારે છે. તો તે મૂળ સંખ્યા કઈ હશે?

(A) 13
(B) 42
(C) 86
(D) ત્રણેય વિકલ્પો સાચા છે

089. $2x = 9y$ હોય તો $(x/y\text{-}1)$નું મૂલ્ય કેટલું થશે ?

(A) 2/(7)
(B) 7/(2)
(C) 1/(7)
(D) 7/(3)

090. એક ટ્રેન 150 મીટર લાંબી છે. જો તે એક થાંભલાને 6 સેકન્ડમાં પસાર કરી શકતી હોય તો તે એક 200 મીટર લાંબા પુલને કેટલા સમયમાં પસાર કરશે?

(A) 14 સેકન્ડ
(B) 15 સેકન્ડ
(C) 16 સેકન્ડ
(D) ઉપરના પૈકી કોઈ નહી

091. નીચે પૈકી કઈ સંખ્યા પૂર્ણવર્ગ છે ?

(A) 103828
(B) 126734
(C) 6243
(D) 7921

092. ત્રણ સંખ્યાઓ 3 : 5 : 8 ના ગુણોત્તરમાં છે, તથા તેમની સરેરાશ 32 છે. તો તે પૈકી સૌથી નાની સંખ્યા કઈ હશે ?

(A) 12
(B) 15
(C) 18
(D) ઉપરના પૈકી કોઈ નહી

093. એક સાંકેતિક લિપીમાં 'NARMADA' નો સંકેત ' PCTOCFC' હોય તો 'AMAZON' નો સંકેત કયો થશે ?

(A) CNCBPO
(B) COCBQP
(C) COCBQR
(D) CPBCQP

094. P, Q અને Rની 9 દિવસ ની આવક રૂા. 1620 છે. P અને R 5 દિવસમાં રૂા. 600 કમાય છે, જ્યારે Q અને R 7 દિવસમાં રૂા. 910 કમાય છે. તો R એક દિવસમાં કેટલું કમાશે ?

(A) રૂા. 60
(B) રૂા. 65
(C) રૂા. 70
(D) ઉપરના પૈકી કોઈ નહી

M

095. આપેલા વિકલ્પો પૈકી અન્ય ત્રણ વિકલ્પો સાથે તાર્કિક રીતે બંધબેસતો ન હોય તેવો વિકલ્પ કયો છે ?

(A) નારંગી
(B) લીલો
(C) કાળો
(D) જાંબલી

096. એક તસવીરમાંની વ્યક્તિ તરફ જોઈ જનકે કહ્યું, ''તેની માતા મારા પિતાના એકમાત્ર પુત્રની બહેન છે''. તો તે વ્યક્તિ જનક સાથે કયા સંબંધથી જોડાયેલ છે ?

(A) પુત્ર
(B) મામા
(C) ભાણેજ
(D) નિશ્ચિત પણે કહી ન શકાય

097. દ્વિઘાત સમીકરણ $x^2 - 28x + 195 = 0$ માટે નીચે પૈકી કયો વિકલ્પ સાચો છે?

(A) આ સમીકરણનો એક ઉકેલ 23 છે.
(B) આ સમીકરણનો એક ઉકેલ 29 છે.
(C) આ સમીકરણનો એક ઉકેલ 17 છે.
(D) આ સમીકરણના બે ઉકેલનો તફાવત 2 છે.

098. P પાસે Q કરતા વધારે પુસ્તકો છે.

Q પાસે Z કરતા ઓછાં પુસ્તકો છે.

Z પાસે R કરતા વધારેપુસ્તકો છે.

જો ઉપરના ત્રણેય વિધાનો સાચા હોય તો નીચે પૈકી કયુ વિધાન નિશ્ચિત પણે સાચું છે ?

(A) Z પાસે P કરતા વધારે પુસ્તકો છે.
(B) Q પાસે R કરતા ઓછા પુસ્તકો છે
(C) Z પાસે Q કરતા વધારે પુસ્તકો છે.
(D) P પાસે R કરતા વધારે પુસ્તકો છે

099. વર્ષ ઇ.સ. 100 ના અંતિમ દિવસે કયો વાર હશે ?

(A) ગુરૂવાર
(B) શનિવાર
(C) રવિવાર
(D) શુક્રવાર

100. એક દિવાલ ઘડિયાળના કાંટા 6.50 નો સમય દર્શાવે છે, તો અરીસામાં દેખાતા તેના પ્રતિબિંબમાં કયા સમયનો આભાસ થશે ?

(A) 5.10
(B) 6.10
(C) 5.20
(D) ઉપરના પૈકી કોઈ નહી

101. માહિતી અધિકાર અધિનિયમ અંતર્ગત અપીલનો નિર્ણય કરવું એ કયા પ્રકારની કામગીરી છે ?

(A) ન્યાયિક
(B) અર્ધ ન્યાયિક
(C) વહીવટી
(D) પંચાયતી

102. જાહેર માહિતી અધિકાર અધિનિયમ 2005 ની કલમ 24 થી પ્રાપ્ત સત્તા અન્વયે ગુજરાત સરકારે નીચે પૈકી કયા ખાતા / વિભાગ / કચેરીને વર્ષ 2005 થી જ આ અધિનિયમની જોગવાઈઓમાંથી બાકાત રાખેલ છે ?

(A) ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી
(B) એન્ટિકરપ્શન બ્યૂરો
(C) મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય
(D) રાજ્ય સરકારનું અનુદાન ન લેતા બોર્ડ / કોર્પોરેશન

103. જાહેર માહિતી અધિકાર અધિનિયમ - 2005 ની કલમ 5(5) ના પ્રાવધાન પ્રમાણે જાહેર માહિતી અધિકારી / કર્મચારી પાસેથી માહિતી મેળવવા સૂચના આપે અને તે અધિકારી / કર્મચારી તેનું પાલન ન કરે તો કઈ સત્તા સૂચના અનાદર બદલ દંડનીય કાર્યવાહી કરી શકે ?

(i) અપીલ અધિકારી
(ii) જાહેર માહિતી અધિકારી
(iii) રાજ્ય માહિતી આયોગ
(iv) કેન્દ્રીય માહિતી આયોગ
(v) વહીવટી વિભાગના વડા

(A) iii અને iv
(B) માત્ર v
(C) માત્ર ii
(D) i, ii, iii, iv, v યથા પ્રસંગ

104. જાહેર માહિતી અધિકાર અધિનિયમ - 2005 ની કલમ 4 અનુસાર 17 મુદ્દાઓનું પ્રો એકટીવ ડીસકલોસર (proactive discloser) દરેક સત્તામંડળે અધિનિયમ અમલમાં આવ્યાના કેટલા દિવસમાં કરવાનું રહેતું હતું ?

(A) 120
(B) 90
(C) 45
(D) 60

105. જાહેર માહિતી અધિકારના સંદર્ભમાં પરીક્ષા વિભાગ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના અપીલ અધિકારી તરીકે બોર્ડના પરીક્ષા સચિવે કરેલ અપીલ આદેશથી નારાજ થયેલ વ્યક્તિએ બીજી અપીલ કોને કરવાની રહે છે ?

(A) બોર્ડના સચિવને
(B) બોર્ડના અધ્યક્ષને
(C) રાજ્ય માહિતી કમિશ્નરને
(D) ગુજરાત હાઈકોર્ટમાં રીટ પિટિશન

106. ભારતના બંધારણના કયા અનુચ્છેદ અન્વયે જાહેર માહિતી અધિકાર અધિનિયમ-2005 ઘડવામાં આવેલ છે ?

(A) અનુચ્છેદ 21-A
(B) અનુચ્છેદ 19
(C) અનુચ્છેદ 20
(D) અનુચ્છેદ 21

107. જાહેર માહિતી અધિકાર અધિનિયમ - 2005 માં ત્રાહિત પક્ષકારને રજૂઆત કરવાની તક આપવામાં આવી હોય ત્યારે જાહેર માહિતી અધિકારી એ કલમ 6 હેઠળ વિનંતી મળ્યા બાદ કેટલા દિવસોમાં માહિતી આપવા અંગે નિર્ણય લેવાનો હોય છે ?

(A) 30
(B) 60
(C) 40
(D) 45

108. જાહેર માહિતી અધિકાર અધિનિયમ અનુસાર મુખ્ય માહિતી કમિશ્નરને ચૂકવવાપાત્ર પગાર અને ભથ્થાં અને તેમની સેવાની શરતો કયા હોદ્દા સમકક્ષ રહેશે ?

(A) હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ
(B) મુખ્ય ચૂંટણી કમિશ્નર
(C) રાજ્યના મુખ્ય સચિવ
(D) સુપ્રીમકોર્ટના મુખ્ય ન્યાયાધીશ

109. નીચેના પૈકીના કયા સંજોગોમાં જાહેરમાહિતી અધિકારી માહિતી પૂરી પાડવાની વિનંતીનો અસ્વીકાર કર્યો હોય તો તે યોગ્ય ગણાશે ?

(i) માહિતી આપવાથી કોઈ વ્યક્તિ પાસે રહેલ કોપીરાઈટનો ભંગ થતો હોય.
(ii) 20 વર્ષ અગાઉ બની ગયેલ કોઈ ઘટના કે બાબત સંબંધી માહિતી હોય.
(iii) વિદેશી રાષ્ટ્ર સાથેના સંબંધોને પ્રતિકૂળ અસર થાય તેવી માહિતી માગવામાં આવી હોય.
(iv) અરજીમાં માહિતી શા માટે જોઈ છે તેના કારણો જણાવ્યા ના હોય.

(A) માત્ર i અને iii
(B) માત્ર ii અને iii
(C) માત્ર i, ii અને iii
(D) i, ii, iii અને iv

110. જાહેર માહિતી અધિકાર અધિનિયમ - 2005 અંતર્ગત સામાન્ય વહીવટ વિભાગના તા. 5-10-2005 ના જાહેરનામામાં રેકર્ડ નિરીક્ષણ માટે પ્રથમ 30 મિનીટ પછી રૂા. 20 નો ચાર્જ કેટલા સમય માટે નિર્ધારીત કરવામાં આવેલ છે ?

(A) 20 મિનીટ્સ
(B) 60 મિનિટ્સ
(C) 45 મિનીટ્સ
(D) 30 મિનિટ્સ

111. બિનસરકારી અનુદાનિત માધ્યામિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને અપાતું અનુદાન સહાયનું (વર્ગદીઠ નિભાવ ગ્રાન્ટ) ધોરણ શિક્ષણ વિભાગના કઈ તારીખના સરકારી ઠરાવથી છેલ્લે સુધારવામાં આવેલ છે ?

(A) 23-10-2017
(B) 6-7-2013
(C) 2-7-2013
(D) 15-3-2017

112. નિયમીત દાક્તરી તપાસ ઉપરાંત કેટલા સમયે શિક્ષકે વિદ્યાર્થીઓના વજન અને ઊંચાઈના માપ લેવાનું ગ્રાન્ટ ઈન કોડમાં જણાવેલ છે ?

(A) પ્રવેશ વખતે
(B) દર છ માસે
(C) દસ વર્ષે
(D) દર બે વર્ષે

113. સતત ત્રણ વર્ષ 30% કરતાં ઓછું પરિણામ ધરાવતી શાળાઓના શિક્ષકો સામે નિયમોનુસાર શિક્ષાત્મક કાર્યવાહી કઈ તારીખ સુધીમાં પૂર્ણ કરવાની રહે છે ?

(A) 31 ઓક્ટોબર
(B) 31 ઓગષ્ટ
(C) 30 સપ્ટેમ્બર
(D) 31 જૂલાઈ

114. વિદ્યાર્થીઓનું આરોગ્ય સારૂં રહે તે માટે અને તેમને આરોગ્ય પ્રત્યે સભાન બનાવવા માટે સહાયક ગ્રાન્ટ નિયમ સંગ્રહમાં કેટલીક બાબતો પરત્વે ખાસ ધ્યાન આપવા જણાવેલ છે. નીચે પૈકીની કઈ બાબતનો તેમાં ઉલ્લેખ નથી ?

(A) વિદ્યાર્થીઓની અંગત અને સામાજિક સ્વચ્છતા
(B) વર્ગના ફર્નીચરની યોગ્યતા અને વિદ્યાર્થીઓની બેસવાની યોગ્ય રીત
(C) સમયપત્રકમાં જરૂરી વિરામની જોગવાઈ
(D) ચેપીરોગ પ્રત્યે સભાનતા

115. એક અનુદાનીત માધ્યમિક શાળામાં 450 વિદ્યાર્થીઓ નોંધાયેલા છે. સહાયક ગ્રાન્ટ નિયમ સંગ્રહની જોગવાઈ પ્રમાણે આ શાળા કેટલા કારકુન રાખી શકે ?

(A) 1 જુનિયર કારકુન, 1 સીનીયર કારકુન, 1 હેડક્લાર્ક
(B) 1 જુનિયર કારકુન, 1 સીનીયર કારકુન
(C) 1 જુનિયર કારકુન, 1 સીનીયર કારકુન, 1 હેડક્લાર્ક, 1 ઓફીસ સુપ્રીન્ટેન્ડન્ટ
(D) 2 જુનિયર કારકુન, 1 સીનીયર કારકુન, 1 હેડક્લાર્ક

116. સહાયક ગ્રાન્ટ નિયમ સંગ્રહની જોગવાઈ પ્રમાણે કોઈ ખાનગી શાળાને મકાન ખરીદવા સારુ કુલ અંદાજના વધુમાં વધુ કેટલા ટકા ગ્રાન્ટ મળી શકે ?

(A) 10%
(B) 20%
(C) 25%
(D) 33%

117. સહાયક ગ્રાન્ટ નિયમ સંગ્રહની જોગવાઈ પ્રમાણે શાળાઓમાં દર અઠવાડીયે ઓછામાં ઓછું કેટલા કલાક શિક્ષણ આપવું જોઈએ ?

(A) 21 કલાક
(B) 24 કલાક
(C) 27 કલાક
(D) 30 કલાક

118. સહાયક ગ્રાન્ટ નિયમ સંગ્રહની જોગવાઈ પ્રમાણે કેટલા વર્ગોથી વધુ વર્ગ ધરાવતી શાળાઓમાં તેની વહીવટી અને દેખરેખની ફરજોમાં સહાય કરવા વધારાના એક વડાને નિમણૂંક આપી શકાય ?

(A) 15
(B) 21
(C) 18
(D) 12

119. સહાયક ગ્રાન્ટ નિયમ સંગ્રહની જોગવાઈ પ્રમાણે એક શાળામાં 17 વર્ગ હોય તો વધુમાં વધુ કેટલા સુપરવાઈઝરને નિમણૂક આપી શકાય ?

(A) શૂન્ય
(B) એક
(C) બે
(D) ત્રણ

120. સહાયક ગ્રાન્ટ મેળવવા ઈચ્છતી શાળાએ જે સરકારી વર્ષમાં ગ્રાન્ટ મેળવવી હોય તેના સંદર્ભમાં પરિશિષ્ટ 1 (2) મુજબની અરજી ક્યારે કરવાની હોય છે ?

(A) પ્રથમ સત્ર શરૂ થાય તેના 15 દિવસમાં

(B) વર્ષની શરૂઆતના ઓછામાં ઓછા ત્રણ માસ પહેલા

(C) વર્ષની શરૂઆતના ઓછામાં ઓછા ચાર માસ પહેલા

(D) વર્ષની શરૂઆતના ઓછામાં ઓછા છ માસ પહેલા

121. સાક્ષરતા ભારત સરસ્વતીયાત્રા યોજનાના ઉદ્દેશોમાં નીચે પૈકીની કઈ બાબતનો સમાવેશ થતો નથી ?

(A) ધોરણ 10 પછી અભ્યાસ છોડી દેતી કન્યાઓનો ડ્રોપ આઉટ દર ઘટાડવો.

(B) 15 વર્ષથી વધુ વયના નિરક્ષરોને સાક્ષર બનાવવા.

(C) નવસાક્ષરોને અભ્યાસ ચાલુ રાખવા પ્રોત્સાહીત કરવા.

(D) નવસાક્ષરોને કૌશલ્ય તાલીમ આપી તેમનું જીવન ધોરણ સુધારવું.

122. સાક્ષર ભારત - 2012 યોજના અંતર્ગત અનુદાન પેટર્નમાં ગુજરાત સરકારના હિસ્સાની ટકાવારી કેટલી હતી ?

(A) 20% (B) 50%

(C) 25% (D) 75%

123. સાક્ષરતા ભારત યોજનામાં જિલ્લાઓની પસંદગીનું ધોરણ શું હતું ?

(A) 30% કરતાં ઓછો મહિલા સાક્ષરતા દર ધરાવતા જિલ્લા.

(B) 40% કરતાં ઓછો મહિલા સાક્ષરતા દર ધરાવતા જિલ્લા.

(C) 50% કરતાં ઓછો મહિલા સાક્ષરતા દર ધરાવતા જિલ્લા.

(D) 60% કરતાં ઓછો મહિલા સાક્ષરતા દર ધરાવતા જિલ્લા.

124. સાક્ષરભારત યોજના અને સરસ્વતીયાત્રા યોજનામાં અનુક્રમે કેટલો સાક્ષરતા દર હાંસલ કરવાનું લક્ષ્ય (Goal) હતું ?

(A) 80%, 85% (B) 75%, 80%

(C) 85%, 80% (D) 80%, 90%

125. નીચેના વિધાનો લક્ષમાં લઈ યોગ્ય વિકલ્પ પસંદ કરો.

P : ભારત સરકારે સાક્ષરભારત યોજના જાહેર કરતી વખતે 7 કરોડ લાભાર્થીઓનું લક્ષ્ય રાખેલ હતું.

Q : સાક્ષરભારત યોજના ફક્ત ગ્રામ્ય વિસ્તારોને લાગુ પડતી હતી.

R : સરસ્વતી યાત્રા યોજના એ સાક્ષરભારત યોજનાનો જ ભાગ છે

(A) P, Q અને R ત્રણેય વિધાનો સાચા છે. (B) P અને Q સાચા છે.

(C) P અને R સાચા છે. (D) Q અને R સાચા છે.

126. સાક્ષરભારત - 2012 અંતર્ગત કેટલી વસ્તી ધરાવતી ગ્રામ પંચાયત દીઠ લોકશિક્ષણ કેન્દ્ર શરૂ કરી તેમાં ''પ્રેરક'' નામે ઓળખાતા બે સંયોજકોની નિમણૂક કરવા અંગે જોગવાઈ કરવામાં આવેલ છે ?

(A) 5000 કરતાં વધુ
(B) 2500 કરતાં વધુ
(C) 6000 કરતાં વધુ
(D) 3000 કરતાં વધુ

127. પ્રજ્ઞા પ્રોજેક્ટ અને જ્ઞાનકુંજ પ્રોજેક્ટ વચ્ચે પાયાનો તફાવત કયો છે ?

(A) પ્રજ્ઞા પ્રોજેક્ટ પ્રાથમિક શાળાઓ માટે છે જ્યારે જ્ઞાનકુંજ પ્રોજેક્ટ માધ્યમિક શાળાઓ માટે.
(B) પ્રજ્ઞા પ્રોજેક્ટ ગ્રામ્ય વિસ્તારો માટે છે જ્યારે જ્ઞાનકુંજ પ્રોજેક્ટ ઈન્ટરનેટ સુવિધા ધરાવતા ક્ષેત્રો માટે છે.
(C) પ્રજ્ઞા પ્રોજેક્ટમાં વર્ગખંડનું વાતાવરણ રસપ્રદ અને પ્રવૃત્તિમય બનાવાય છે જ્યારે જ્ઞાનકુંજ પ્રોજેક્ટમાં કોમ્પ્યુટર, ઈન્ટરનેટ, ઈ content વિ. ની મદદથી શિક્ષણ અપાય છે.
(D) પ્રજ્ઞા પ્રોજેક્ટ શાળાકીય મૂલ્યાંકનનું અંગ છે જ્યારે જ્ઞાનકુંજ શિક્ષકોના પ્રતિભાવ મેળવવા માટેનું મોડેલ છે.

128. સાક્ષરભારત યોજના હેઠળ લાભાર્થીઓએ પ્રાપ્ત કરેલ જ્ઞાનનું વર્ષમાં બે વખત મૂલ્યાંકન કાર્ય કોના દ્વારા કરવામાં આવે છે ?

(A) GIOS
(B) GCERT
(C) NIOS
(D) DIET

129. કોઈપણ પ્રદેશનો સાક્ષરતા દર નક્કી કરતી વખતે કયા વયજૂથના નાગરિકોને બાકાત રાખવામાં આવે છે ?

(A) 0 થી 5 વર્ષ
(B) 0 થી 6 વર્ષ
(C) 0 થી 7 વર્ષ
(D) 80 વર્ષથી વધુ

130. ''સાક્ષર ભારત મિશન'' ભારતમાં ક્યારથી શરૂ કરવામાં આવેલ ?

(A) 8-9-2012
(B) 8-9-2009
(C) 8-9-2010
(D) 8-9-2011

131. ગુજરાત એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુશન્સ સર્વીસીસ ટ્રિબ્યુનલ એક્ટ (Gujarat Educational Institutions Services Act), 2006 કઈ તારીખથી અમલમાં આવેલ છે ?

(A) 18-10-2006
(B) 2-11-2006
(C) 18-10-2013
(D) 2-11-2013

132. નીચે પૈકી કઈ વ્યક્તિ ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલના સભ્ય પદે નિમણૂક પામવાની લાયકાત ધરાવે છે ?

- શ્રી પટેલ, ઉ. વર્ષ 61, ત્રણ વર્ષ સુધી જિલ્લા ન્યાયાધીશ રહી ચૂક્યા છે.
- શ્રી કાનાણી, ઉ. વર્ષ 62, ગુજરાત સરકારમાં શિક્ષણ સચિવ તરીકે બે વર્ષ રહીને નિવૃત્ત થયાં છે.
- સુશ્રી સોનલ, ઉ. વર્ષ 60, ગુજરાત સરકારમાં નાણાં વિભાગના સચિવ તરીકે ચાર વર્ષ રહી ચૂક્યાં છે.
- શ્રી શાહ, ઉ. વર્ષ 45, છેલ્લા 12 વર્ષથી હાઈકોર્ટમાં વકીલાત કરે છે.

(A) શ્રી પટેલ અને શ્રી કાનાણી
(B) શ્રી કાનાણી, સુશ્રી સોનલ અને શ્રી શાહ
(C) શ્રી પટેલ અને સુશ્રી સોનલ
(D) શ્રી પટેલ અને શ્રી શાહ

133. કોઈ શૈક્ષણિક સંસ્થાનો કર્મચારી સંસ્થાના હુકમથી નારાજ હોય તો 60 દિવસમાં ગુજરાત એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યૂશન્સ સર્વિસીસ ટ્રિબ્યુનલ સમક્ષ અપીલ કરી શકે છે. ટ્રિબ્યુનલને સંતોષ થાય તેવા ખાસ સંજોગો અને કારણો હોય તો વિવાદી હુકમના વધુમાં વધુ કેટલા દિવસમાં થયેલ અપીલ પણ ગ્રાહ્ય રાખી શકાય ?

(A) 90 (B) 120

(C) 6 માસ (D) 12 માસ

134. ગુજરાત એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યૂશન્સ સર્વિસીસ ટ્રિબ્યુનલના હુકમ સામે કર્મચારી કેટલા દિવસમાં અપીલ કરી શકે ?

(A) આદેશ બજવણીના 60 દિવસમાં

(B) આદેશ બજવણીના 90 દિવસમાં

(C) અપીલની જોગવાઈ નથી પણ આદેશ બજવણીના 60 દિવસમાં સમીક્ષા અરજી કરી શકે.

(D) અપીલ કે સમીક્ષાની કોઈ જોગવાઈ નથી.

135. ગુજરાત એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુશન્સ સર્વિસીસ ટ્રિબ્યુનલના સંદર્ભમાં નીચે પૈકી કયા વિધાનો સંપૂર્ણપણે સાચા છે ?

(i) ભારતીય દંડ સંહિતાની કલમ 193, 219 અને 228 ના હેતુઓ માટે તેની કાર્યવાહી જ્યુડીશીયલ પ્રોસીડીંગ ગણાશે.

(ii) સિવિલ પ્રોસીજર એક્ટ 1908 અનુસાર સમન્સ કાઢવા, સોગંદ પર જુબાની લેવા જેવી બાબતો માટે તે સીવીલ કોર્ટ જેવી સત્તા ધરાવે છે.

(iii) ગુજરાત એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યૂશન્સ સર્વિસીસ ટ્રિબ્યુનલ જરૂર પડે રાજ્ય સરકારને પણ નોટિસ કાઢી બોલાવી શકે છે.

(A) માત્ર i (B) i અને ii

(C) ii અને iii (D) i, ii અને iii બધા જ

136. ગુજરાત એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુશન્સ સર્વિસીસ ટ્રિબ્યુનલ એક્ટ 2006 અમલમાં આવતા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ 1972 ની કઈ કલમો રદ થઈ ?

(A) કલમ 35 (B) કલમ 36 (1)

(C) કલમ 38, 39, 40 (D) કલમ 41 અને 42

137. ગુજરાત એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુશન્સ સર્વિસીસ ટ્રિબ્યુનલ એક્ટ (20 ઓફ 2014) માં પ્રાથમિક શાળાની વ્યાખ્યા કયા એક્ટમાં આપેલ વ્યાખ્યા મુજબ રાખવામાં આવેલ છે ?

(A) મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર - 2009

(B) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ - 1947

(C) પંચાયતી રાજ્ય એક્ટ 1963

(D) પંચાયતી રાજ્ય એક્ટ 1992 નો સુધારો

138. ગુજરાત શાળા પાઠ્યપુસ્તક મંડળ નીચે પૈકી કયા પાઠ્ય પુસ્તકો પ્રકાશિત કરે છે ?

(i) પ્રાથમિક શાળાઓના અભ્યાસક્રમો માટે

(ii) બી.એડ. અભ્યાસક્રમો માટે

(iii) પી.ટી.સી. અભ્યાસક્રમો માટે

(iv) સંસ્કૃત પાઠશાળાઓના અભ્યાસક્રમો માટે

(v) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અભ્યાસક્રમો માટે

(A) i, ii, iii, iv અને v (B) i અને v

(C) i, iii, iv અને v (D) i, iv અને v

139. RTE અધિનિયમ/નિયમો અનુસાર કયા વિધાનો ખરા છે ?

(i) સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓને આ અધિનિયમ લાગુ પડતો નથી.

(ii) વૈદિક પાઠશાળાઓ આ અધિનિયમ હેઠળ આવરી લેવાયેલ નથી

(iii) લઘુમતી સંસ્થાઓમાં શાળા વ્યવસ્થાપન સમિતિએ માત્ર સલાહકારની ભૂમિકા ભજવવાની હોય છે.

(iv) RTE અધિનિયમ અનુસાર જન્મતારીખનો પુરાવો ન હોવાના કારણસર કોઈપણ બાળકને શાળામાં પ્રવેશ આપી શકાય નહીં.

(A) i, ii અને iii (B) ii, iii અને iv

(C) i અને iv (D) ii અને iii

140. શાળાનું મકાન અને વર્ગખંડ પણ એક શૈક્ષણિક સંસાધન છે તે વિચાર નીચે પૈકીની કઈ યોજના દ્વારા અમલમાં મૂકાયેલ છે ?

(A) BaLA (B) KGBV

(C) PRAGNA (D) LBD

141. સંવિધાનના કયા અનુચ્છેદને આધીન રહી ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો 2002 ઘડવામાં આવેલ છે ?

(A) 313 (B) 312

(C) 309 (D) 311

142. "રજા હક્ક તરીકે મળી શકે નહીં" આ જોગવાઈ ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો 2002 ના કયા નિયમમાં કરવામાં આવેલ છે ?

(A) 10(1) (B) 10(2)

(C) 10(3) (D) 11(a)

143. ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો 2002 ની જોગવાઈ પ્રમાણે એકસાથે / સળંગ વધુમાં વધુ કેટલા સમયની, કોઈપણ પ્રકારની રજા મંજૂર કરી શકાય છે ?

(A) 6 માસ (B) 2 વર્ષ

(C) 5 વર્ષ (D) 6 વર્ષ

144. પુરૂષ કર્મચારીને પત્નીની પ્રસૂતિ સબબ કેટલી પિતૃત્વ રજા મળી શકે ?

(A) 15 દિવસ
(B) 30 દિવસ
(C) 45 દિવસ
(D) 60 દિવસ

145. એક કર્મચારીને ફરજીયાત નિવૃત્ત કરવાની શિક્ષા થયેલ છે. તેના ખાતે 6 કેજ્યુઅલ રજા, 275 પ્રાપ્ત રજા, 200 રૂપાંતરિત રજા જમા છે, ઉપરોક્ત પૈકી કઈ રજા મંજૂર કરી શકાય ?

(A) માત્ર રૂપાંતરિત રજા, મેડિકલ ગ્રાઉન્ડ આધારે
(B) પ્રાપ્ત રજા
(C) અસાધારણ રજા
(D) કોઈપણ પ્રકારની રજા મંજૂર ન કરી શકાય

146. અર્ધપગારી રજાઓ અને પ્રાપ્ત રજાઓ કર્મચારીના નિયત ફોર્મમાં ક્યારે ઉમેરવામાં આવે છે ?

(A) દર વર્ષે પહેલી જાન્યુઆરીએ
(B) દર વર્ષે પહેલી એપ્રીલના રોજ
(C) દર વર્ષે પહેલી જાન્યુઆરી અને પહેલી જૂલાઈના રોજ
(D) દર વર્ષે 30 જૂન અને 31 ડિસેમ્બરના રોજ

147. ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો 2002 અન્વયે બિનજમા રજા મેળવવા નીચે પૈકી કયા કર્મચારીઓ હક્કદાર છે ?

(A) કાયમી
(B) હંગામી
(C) એપ્રન્ટીસ
(D) બધા જ કર્મચારીઓ

148. મહિલા સરકારી કર્મચારી, જેને બાળક ન હોય અથવા એક બાળક હોય તેને ગર્ભપાત (MTP) ના કિસ્સામાં તબીબી પ્રમાણપત્ર અરજી સાથે સામેલ હોય તેવા પ્રસંગે વધુ કેટલી પ્રસૂતિ રજા મળી શકે ?

(A) 30 દિવસ
(B) ત્રણ અઠવાડિયા
(C) 15 કામકાજના દિવસ
(D) 7 કામકાજના દિવસ

149. રાજ્ય સરકારના કર્મચારીઓની માંદગીને લગતી રજાઓનો નિર્ણય કરવા સારું તબીબી મંળની રચના કયા કયા શહેર/શહેરોમાં કરવાનું ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો 2002 માં ઠરાવેલ છે ?

(A) ગાંધીનગર
(B) અમદાવાદ અને ગાંધીનગર
(C) અમદાવાદ, જામનગર, વડોદરા અને સુરત
(D) અમદાવાદ, રાજકોટ અને વડોદરા

150. ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો 2002 ની જોગવાઈ અનુસાર અભ્યાસ માટે એકી સાથે વધુમાં વધુ કેટલી રજા મંજૂર કરી શકાય ?

(A) બે વર્ષ
(B) એક વર્ષ
(C) ત્રણ વર્ષ
(D) 9 માસ

151. ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો 2002 અનુસાર એક કર્મચારી પર સર્વથા આધારિત હોય તેવા નીચે પૈકીનાં કોનો સમાવેશ કુટુંબની વ્યાખ્યામાં થાય છે ?

(i) કર્મચારીના પતિ/પત્ની

(ii) ધાર્મિક કાયદા અનુસાર લગ્ન કરી સાથે રહેતા પ્રથમ ઉપરાંત બીજા પત્ની

(iii) દત્તક ગ્રહણ કાયદા અનુસાર દત્તક લીધેલ પુત્રી

(iv) માતાપિતા

(v) સગીર ભાઈ

(A) i, iii, iv અને v
(B) i, ii, iv અને v
(C) i, iv અને v
(D) i, ii અને iv

152. ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો 2002 અનુસાર વય નિવૃત્તી બાદ પુનઃનિમણૂક પામેલ કર્મચારીના કિસ્સામાં અલાયદું પેન્શન મળવાપાત્ર છે ?

(A) ના
(B) હા
(C) ખાતાના વડાની મંજૂરીથી મળવાપાત્ર
(D) સરકારશ્રીના પૂર્વમંજૂરી મેળવ્યા બાદ મળવાપાત્ર

153. 25 વર્ષની પેન્શનપાત્ર નોકરી કર્યા પછી સ્વૈચ્છિક નિવૃત્તિ લેનાર કર્મચારીને મળવાપાત્ર પેન્શન કયા નામે ઓળખાય છે ?

(A) વયનિવૃત્તિ પેન્શન
(B) નિવૃત્તિ પેન્શન
(C) રહેમિયત પેન્શન
(D) કુટુંબ પેન્શન

154. ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો 2002 અનુસાર કર્મચારી કેટલા વર્ષોની ક્વોલીફાઈંગ નોકરી બાદ અશક્તિ પેન્શન માટે પાત્ર થાય ?

(A) 12
(B) 5
(C) 8
(D) 10

155. ઘા અથવા ઈજા પેન્શન કાયમી ધોરણે મંજૂર ન કરેલ હોય તેવા કિસ્સામાં કેટલા સમયગાળામાં તબીબી પ્રમાણપત્ર રજૂ કર્યા બાદ કર્મચારી આ પેન્શન રીન્યુ કરાવી શકે છે ?

(A) દર ત્રણ વર્ષે
(B) દર વર્ષે
(C) દર બે વર્ષે
(D) દર પાંચ વર્ષે

156. બિનકાર્યક્ષમતાના કારણે કોઈ કર્મચારીને પદચ્યુત કરવામાં આવે કે નિવૃત્ત કરવામાં આવે અને નિવૃત્તિ વયે પહોંચેલ ન હોય કે સ્વૈચ્છિક નિવૃત્તિને પાત્ર પણ ન હોય તો તેને કયું પેન્શન મળી શકે ?

(A) રહેમિયત પેન્શન
(B) વળતર પેન્શન
(C) કુટુંબ પેન્શન
(D) કોઈપણ પ્રકારનું પેન્શન ન મળે

157. વય નિવૃત્તીએ પહોંચતા અગાઉ કોઈ કર્મચારીને તબીબી પ્રમાણપત્ર સિવાય અને તેના કોઈ દોષ વિના સરકારી સેવામાંથી છૂટા કરવામાં આવે તો તેને કયું પેન્શન મળે ?

(A) નિવૃત્તિ પેન્શન
(B) રહેમિતય પેન્શન
(C) વળતર પેન્શન
(D) વય નિવૃત્તિ પેન્શન

158. સાતમા પગાર પંચ અન્વયે થયેલ સુધારા બાદ કામચલાઉ પેન્શન મેળવતા કર્મચારીના કિસ્સામાં ચૂકવવા પાત્ર ગ્રેજ્યુઈટીની રકમમાંથી કેટલી રકમ અટકાવી રાખવાની હોય છે ?

(A) 10% અથવા રૂા. 1 લાખ પૈકી ઓછું હોય તેટલી

(B) 10% અથવા રૂા. 2 લાખ પૈકી ઓછું હોય તેટલી

(C) 20% અથવા રૂા. 1 લાખ પૈકી ઓછું હોય તેટલી

(D) 20% અથવા રૂા. 2 લાખ પૈકી ઓછું હોય તેટલી

159. સરકારી કર્મચારીના પેન્શનના રૂપાંતરિત હિસ્સાનું પુનઃસ્થાપન ક્યારે કરવામાં આવે છે ?

(A) પેન્શન રૂપાંતરિત થયાના 15 વર્ષ બાદ

(B) પેન્શન રૂપાંતરિત થયાના 10 વર્ષ બાદ

(C) પેન્શનર સુપરસીટીઝન બને ત્યારે (80 વર્ષની વયે)

(D) વય નિવૃત્ત થયાના 20 વર્ષ પૂર્ણ થયા બાદ

160. એક કરતાં વધુ પેન્શન મેળવતા નિવૃત્ત કર્મચારીઓના કિસ્સામાં સાતમા પગારપંચ અન્વયે કેટલી ફ્લોર સિલીંગ નક્કી કરાયેલ છે ?

(A) રૂા. 9,500 (B) રૂા. 12,000

(C) રૂા. 9,000 (D) રૂા. 10,000

161. નિવૃત્ત કર્મચારી શ્રી છગનભાઈ ગ્રેજ્યુઈટી મેળવે તે પહેલા ગુજરી જાય છે. તેમના પત્નીનું નામ નિયુક્ત થયેલ હતું પણ તેઓ પણ હયાત નથી હાલ તેમના કુટુંબમાં નીચે જણાવ્યા મુજબના સભ્યો હયાત છે. ગુજરાત મુલ્કી સ્વા (પેન્શન) નિયમો 2002 અનુસાર ગ્રેજ્યુઈટીની રકમ કોને કેટલા પ્રમાણમાં મળે ?

હયાત સભ્યો : હેતલ - પરિણીત પુત્રી, ઉ.વ. 29

શંકરલાલ - પિતા, ઉ.વ. 74

નરેન્દ્ર - અપરિણીત ભાઈ, 21 વર્ષ

ગીતા - વિધવા બહેન, ઉ.વ. 45

(A) હેતલ અને શંકરલાલ દરેકને 50%

(B) શંકરલાલને 100%

(C) હેતલ, શંકરલાલ, નરેન્દ્ર અને ગીતા દરેકને 25%

(D) હેતલને 100% રકમ મળે

162. વર્ગ 4 ના કર્મચારીના કિસ્સામાં સામાન્ય ભવિષ્યનિધિના હિસાબો મેળવણી કરવાની પ્રાથમિક જવાબદારી કોની છે ?

(A) વહીવટી અધિકારી (B) હિસાબી અધિકારી

(C) ઉપાડ અને વહેંચણી અધિકારી (D) કચેરીના વડા

163. ''નવી વર્ધિત પેન્શન યોજના'' અંગેના 18/3/2005 ના ઠરાવ સાથે આપેલ પરિશિષ્ટમાં જણાવ્યા અનુસાર આ યોજના હેઠળનું ભંડોળનું રાજ્ય સરકાર કોની માર્ગદર્શિકા મુજબ નિયમન કરશે ?

(A) CAG
(B) નિયામક પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ
(C) PFRDA
(D) ભારત સરકાર

164. નવી વર્ધિત પેન્શન યોજનાના 18-3-2005 ના મૂળ ઠરાવ અનુસાર આ યોજનામાં જોડાયેલ કર્મચારીના વયનિવૃત્તી સમયે ઉપલબ્ધ ફંડમાંથી કેટલા ટકા રકમ તેણે IRDA માન્ય જીવન વીમા યોજનામાં ફરજીયાત રોકાણ કરવાની રહેશે ?

(A) 20
(B) 30
(C) 40
(D) 50

165. સામાન્ય ભવિષ્યનિધિ નિયમ 14માં પેશગીના સંદર્ભમાં નીચે પૈકી કયા સંજોગોમાં પેશગી મળી શકે નહીં ?

(A) હજયાત્રા અંગે કરવા ધારેલ ખર્ચ.
(B) પોતાને થયેલ પાયરી ઉતરની શિક્ષા સામે હાઈકોર્ટમાં કરેલી રીટ પીટીશનના અંગે કાનૂની કાર્યવાહીના ખર્ચ સારું
(C) સંતાનના અભ્યાસ હેતુ વિદેશ પ્રવાસ ખર્ચ માટે.
(D) પોતાના પર આધારીત સાવકા પુત્રના ઉચ્ચ અભ્યાસ ખર્ચને પહોંચીવળવા માટે.

166. સામાન્ય ભવિષ્યનિધિ અંતર્ગત આપવામાં આવેલ પેશગીની સામાન્ય સંજોગોમાં વસૂલાત વધુમાં વધુ કેટલા હપ્તામાં કરવામાં આવે છે ?

(A) 36
(B) 12
(C) 24
(D) 30

167. સામાન્ય ભવિષ્યનિધિ અંતર્ગત અધિકારી / કર્મચારીના અવસાનના કિસ્સામાં આખરી ઉપાડ માટે અરજી કરવા સારું કયો નમૂનો નિયત થયેલ છે ?

(A) 10-ખ
(B) 10-ઘ
(C) 10-ક
(D) 10-ગ

168. ''નવી વર્ધિત પેન્શન યોજના'' હેઠળ અધિકારી/કર્મચારીના મૂળ પગારના વત્તા મોંઘવારી ભથ્થાંની રકમના કેટલા ટકા પેન્શન ખાતામાં જમા કરવામાં આવે છે ?

(A) 6
(B) 10
(C) 8
(D) 5

169. ''નવી વર્ધિત પેન્શન યોજના'' હેઠળના કર્મચારીનું 1-4-2005 થી 31-12-2005 દરમ્યાન અવસાન થયું હોય તો કયા દરે ગ્રેજ્યુઈટી મળવાપાત્ર થાય ?

(A) 15 દિવસના પગારની મર્યાદામાં
(B) છ પગારની મર્યાદામાં
(C) બે પગારની મર્યાદામાં
(D) એક પગારની મર્યાદામાં

170. ''નવી વર્ધિત પેન્શન યોજના'' હેઠળ ગ્રેજ્યુઈટી મંજૂર કરવા કોને અધિકૃત કરાયેલ છે ?

(A) નિયામક પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ
(B) નિયામક હિસાબ અને તિજોરી
(C) સંબંધીત વહીવટી વિભાગના સચિવ
(D) સંબંધીત ખાતાના વડા

171. કોવીડ 19ની પરિસ્થિતિમાં જ્યારે શાળાઓમાં લાંબા સમય સુધી શૈક્ષણિક કામગીરી બંધ રહેલ કહી તે સંજોગોમાં રાજ્ય સરકારે હોમલર્નીંગ માટે સૂચનાઓ બહાર પડેલ છે ઓડીયો વીડીયો લર્નીંગ કન્ટેન્ટ (Audio Visual Learning Content) તૈયાર કરેલ છે. ધોરણ 6 થી 8 માટે આવું કન્ટેન્ટ તૈયાર કરવાની જવાબદારી કોને સોંપવામાં આવેલ છે ?

(A) નિયામક પ્રાથમિક શિક્ષણ | (B) GCERT
(C) સમગ્ર શિક્ષા અભિયાન (SSA) | (D) STTI

172. વ્યવસ્થાપનમાં નિર્ણય પ્રક્રિયાનું આગવું મહત્વ છે. નિર્ણય લેવાની પ્રક્રિયાનું પ્રથમ સોપાન કયું છે ?

(A) માહિતી વિશ્લેષણ | (B) તથ્યોનું એકત્રીકરણ
(C) વિકલ્પ નિર્ધારણ | (D) ધ્યેયોનું સ્પષ્ટીકરણ

173. ''બાલસૃષ્ટિ'' નામનું સામયિક કોના દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે ?

(A) GCERT | (B) ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
(C) રાજ્ય પરીક્ષા બોર્ડ | (D) ગુજરાત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી (Children's University)

174. દૂરવર્તી શિક્ષણમાં આભાસી વર્ગખંડ કયા પ્રકારની શિક્ષણ વ્યવસ્થાનો શ્રેષ્ઠ વિકલ્પ પૂરો પાડે છે ?

(A) પરંપરાગત શિક્ષણ | (B) ઔપચારિક શિક્ષણ
(C) બિનઔપચારિક શિક્ષણ | (D) ઓનલાઈન શિક્ષણ

175. વાસ્તવિક અધ્યાપન કર્યા સિવાય અધ્યાપન વ્યવસ્થાપન માટે કમ્પ્યુટરની દરેક સગવડો (hardware - software) નો અધ્યાપક દ્વારા વિનિયોગ એટલે શું ?

(A) કમ્પ્યુટર વ્યવસ્થાપિત અધ્યાપન | (B) કમ્પ્યુટર સજ્જ અધ્યાપન
(C) આભાસી વર્ગખંડ | (D) કમ્પ્યુટર સહાય અધ્યાપન

176. દૂરદર્શન અને ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય મુક્ત વિશ્વવિદ્યાલય દ્વારા સંપૂર્ણ રીતે સ્વતંત્ર શૈક્ષણિક ટેલીવિઝન ચેનલ, જ્ઞાનદર્શનનું ઉદ્‌ઘાટન કઈ તારીખે કરવામાં આવ્યું ?

(A) 26-1-1995 | (B) 26-1-2000
(C) 26-1-2001 | (D) 26-1-2002

177. કમ્પ્યુટર સહાય અધ્યાપનની કેટલીક મર્યાદાઓ છે તેમાં નીચે પૈકી કયું બંધબેસતું ગણી ના શકાય ?

(A) આ અંગેનું સોફ્ટવેર દરેક શિક્ષક તૈયાર ના કરી શકે.
(B) અધ્યયન પ્રક્રિયા વિદ્યાર્થીના નિયંત્રણમાં હોતી નથી.
(C) પ્રારંભમાં તે ખર્ચાળ પૂરવાર થાય છે.
(D) વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે સીધી આંતરક્રિયા થતી નથી.

178. આ જૂથમાં કયું બંધ બેસતું નથી ?

(A) DIKSHA | (B) SWAYAM
(C) PARAKH | (D) SWAYAM PRABHA

179. "શૈક્ષણિક પ્રૌદ્યોગિકી એટલે શૈક્ષણિક સંસ્થા તરીકે શાળાનું આયોજન, સંચાલન અને મૂલ્યાંકન કરવાનું વ્યવહારુ જ્ઞાન તથા વ્યવસ્થિત પ્રવિધિઓનો વિકાસ" આ વ્યાખ્યા દ્વારા અપાયેલ છે ?

(A) નોર્મન કાઉડર
(B) જ્યોર્જ લીથ
(C) રોબર્ટ ગેને
(D) ડૉ. એસ. એસ. કુલકર્ણી

180. ફેઝીયરે TQM દ્વારા શિક્ષણમાં ગુણવત્તા સુધારણા માટે એક રૂપરેખા રજૂ કરી છે. આમાં T શું દર્શાવે છે ?

(A) Training
(B) Teaching
(C) Total
(D) Teamwork

181. પ્રાચ્ય અને પાશ્ચાત્ય શિક્ષણ વિવાદ પરાકાષ્ઠાએ પહોંચ્યા બાદ મેકોલે દ્વારા પોતાનું વિવરણ પત્ર ગવર્નર જનરલની કાઉન્સીલ સમક્ષ ક્યારે રજૂ કર્યું હતું ?

(A) 2-2-1835
(B) 1-2-1834
(C) 1-1-1813
(D) 2-2-1813

182. સર્વ શિક્ષા અભિયાનનો મુખ્ય ઉદ્દેશ શું ગણી શકાય ?

(A) પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકરણ
(B) પ્રાથમિક શિક્ષકોનો ક્ષમતા વિકાસ (capacity building)
(C) માધ્યમિક શિક્ષણની ગુણવત્તા સુધારણા
(D) પછાત વિસ્તારોમાં નિવાસી શાળાઓ સ્થાપવી

183. એકવીસમી સદીના શિક્ષણના ભાવિ અંગે અભ્યાસ કરવા રચાયેલ આંતરરાષ્ટ્રીય ડેલોર્સ કમિશનમાં ભારતીય સભ્ય કોણ હતા ?

(A) પ્રો. રામમૂર્તિ
(B) રવીન્દ્ર દવે
(C) કરણસિંહ
(D) ડૉ. દોલતસિંહ કોઠારી

184. મદ્રાસ, મુંબઈ અને કલકત્તા યુનિવર્સિટીઓની સ્થાપના કયા વર્ષમાં કરવામાં આવેલ ?

(A) 1857
(B) 1858
(C) 1835
(D) 1852

185. પ્રાથમિક શિક્ષણનું સંચાલન જિલ્લા પરિષદો અને નગરપાલિકાને સોંપીદેવાની ભલામણ સૌ પ્રથમ કયા પંચ દ્વારા કરાઈ હતી ?

(A) કોઠારી પંચ
(B) વિલિયમ હંટર
(C) ચાર્લ્સવુડ
(D) મુદલિયાર

186. ઈંગ્લેન્ડની લીડ્સ યુનિવર્સીટીના ઉપકુલપતિ ડૉ. માઈકલ સેડલર કયા પંચના અધ્યક્ષ હતા ?

(A) રાષ્ટ્રીય શિક્ષણ વિકાસ
(B) કલકત્તા વિશ્વવિદ્યાલય વિકાસ પંચ
(C) ભારતીય શિક્ષણ પંચ
(D) વિશ્વવિદ્યાલય સુધારણા પંચ

187. કેળવણીની વ્યાખ્યાઓ આપનાર ચિંતકોને યોગ્ય રીતે જોડો.

(a) હું કદી શીખવતો નથી, હું તો એવા સંજોગો પેદા કરું છું કે જેમાં વિદ્યાર્થીઓ શીખે. (i) રવીન્દ્રનાથ ટાગોર

(b) કુદરત દ્વારા મળતી કેળવણી એ જ સાચી કેળવણી છે. (ii) એરિસ્ટોટલ

(c) સ્વસ્થ શરીરમાં સ્વસ્થ મનનું નિર્માણ એટલે કેળવણી. (iii) આઈનસ્ટાઈન

(d) ઉત્તમ શિક્ષણ એ છે કે આપણાં જીવનને સંપૂર્ણ સૃષ્ટિ સાથે સંવાદી બનાવે. (iv) રૂસો

(A) a - ii, b - i, c - iv, d - iii
(B) a - i, b - iv, c - ii, d - iii
(C) a - iv, b - iii, c - ii, d - i
(D) a - iii, b - iv, c - ii, d - i

188. હાલના ધોરણ 10 અને અન્ય શાળાકીય પાઠ્યપુસ્તકોમાં પ્રથમ પાના પર શું છાપવામાં આવે છે ? (ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક દ્વારા પ્રકાશિત)

(A) પ્રતિજ્ઞાપત્ર
(B) ભારતના બંધારણના અનુચ્છેદ 21 A નો ઉતારો
(C) ભારતના બંધારણના અનુચ્છેદ 51 A નો ઉતારો
(D) પ્રેરક સુભાષિતો

189. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં ભારત સરકારના "માનવ સંસાધન વિકાસ મંત્રાલય"નું નામ બદલીને "શિક્ષણ મંત્રાલય" રાખવામાં આવ્યું છે. કયા વડાપ્રધાનના કાર્યકાળમાં માનવ સંસાધન વિકાસ નામાભિધાન થયું હતું ? તે અગાઉ આ મંત્રાલય કયા નામે ઓળખાતું હતું ?

(A) રાજીવ ગાંધી – શિક્ષણ મંત્રાલય
(B) વી. પી. સિંહ – શિક્ષણ અને શ્રમ મંત્રાલય
(C) ઈન્દીરા ગાંધી – સામાજીક ન્યાય અને શિક્ષણ મંત્રાલય
(D) પી. વી. નરસિંહમા રાવ – શિક્ષણ અને આરોગ્ય વિભાગ

190. 4-9-1948 ના રોજ ગઠિત "યુનિવર્સિટી શિક્ષણ પંચ"ના અધ્યક્ષ કોણ હતા ?

(A) ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન
(B) ડૉ. લક્ષ્મણસ્વામી મુદલિયાર
(C) ડૉ. એ. એસ. ધરી
(D) ડૉ. રાજેન્દ્રપ્રસાદ

191. 1986 ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં કોમન સ્કુલ સ્ટ્રક્ચર હેઠળ પ્રાથમિક શિક્ષણનું તબક્કાવાર માળખું કયા પ્રકારનું રાખવામાં આવેલ હતું ?

(A) 5 + 3
(B) 6 + 2
(C) 4 + 4
(D) 8 + 0

192. કયા હેતુઓને સિધ્ધ કરવા નવોદય વિદ્યાલયો શરૂ કરવામાં આવેલ ?

(A) માધ્યમિક શિક્ષણમાં અપવ્યય અને સ્થગિતતા ઘટાડવા માટે.
(B) કન્યાઓને શિક્ષણની સમાન તક પૂરી પાડવા.
(C) મૂલ્યશિક્ષણની અગત્યતા પ્રતિપાદિત કરવાના હેતુસર.
(D) ખાસ કરીને ગ્રામ્યવિસ્તારના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણની તક ઉપલબ્ધ કરાવવા.

193. નવી શિક્ષણ નીતિ 2020 માં શિક્ષકો માટે B.Ed. અભ્યાસક્રમો નવેસરથી નક્કી કરી કયા વર્ષ સુધીમાં નેશનલ ક્યુરીકોલમ ફોર ટીચર્સ એજ્યુકેશન (NCFTE) તૈયાર કરવા NCTE ને જવાબદારી સોંપાઈ છે ?

(A) 2021 (B) 2022

(C) 2024 (D) 2025

194. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 માં ધોરણ 10 અને 12 ની બોર્ડ પરીક્ષા ઉપરાંત કયા ધોરણોના અંતે યોગ્ય સત્તામંડળ દ્વારા શાળાકીય પરીક્ષાઓ લેવાનું સૂચવાયું છે ?

(A) 5 અને 8 (B) 3, 5 અને 8

(C) દરેક ધોરણે (D) ફક્ત ધોરણ 8

195. રાષ્ટ્રીય શિક્ષણનીતિ 1986 ની સમીક્ષા કરવાસારું વર્ષ 1990 માં કઈ સમિતિની રચના કરવામાં આવેલ હતી ?

(A) રવીન્દ્ર દવે (B) એ. એન. બસુ

(C) રામમૂર્તિ (D) સુધીર માંકડ

196. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અનુસાર કયા વર્ષ સુધીમાં પૂર્વ પ્રાથમિકથી લઈને માધ્યમિક સુધી 100 ટકા બાળકો શાળા પ્રવેશ પામે તેવું લક્ષ્ય રાખવામાં આવેલ છે ?

(A) 2022 (B) 2024

(C) 2029 (D) 2030

197. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અનુસાર આંગણવાડી કાર્યકરો પૈકી 10 + 2 પાસ કરેલ હોય તેવી વ્યક્તિઓને કેટલા સમયની ખાસ તાલીમ આપી ECCE (Early Childhood Care and Education) માટે તૈયાર કરવાનું સૂચવાયેલ છે ?

(A) ત્રણ માસ (B) છ માસ

(C) 1 વર્ષ (D) આવી કોઈ ભલામણ થયેલ નથી.

198. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અનુસાર શિક્ષણ માટે જીડીપી (GDP) ના કેટલા ટકા ખર્ચ કરવાનું સૂચવાયેલ છે ?

(A) 2.7 (B) 4

(C) 5.5 (D) 6

199. સામાજિક અને આર્થિક રીતે પછાત વંચિત વસ્તી વધારે હોય તેવા વિસ્તારોમાં વિદ્યાર્થી-શિક્ષકનો ગુણોત્તર શું રાખવાનું લક્ષ્ય રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 નક્કી થયેલ છે ?

(A) 25:1 (B) 30:1

(C) 35:1 (D) 40:1

200. સામાન્ય રીતે શાળાઓમાં ઉજવાતા વિવિધ દિન બાબતે નીચેના જોડકા જોડો.

| | |
|---|---|
| (a) વિશ્વ પર્યાવરણ દિન | (i) 15 માર્ચ |
| (b) વિશ્વ યોગ દિન | (ii) 8 માર્ચ |
| (c) આંતર રાષ્ટ્રીય મહિલા દીન | (iii) 5 જૂન |
| (d) વિશ્વ ગ્રાહક અધિકાર દિન | (iv) 21 જૂન |

(A) a - ii, b - i, c - iv, d - iii (B) a - iii, b - iv, c - i, d - ii

(C) a - iv, b - iii, c - ii, d - i (D) a - iii, b - iv, c - ii, d - i

201. વૈદિક યુગમાં પ્રાથમિક શિક્ષણ દરમ્યાન વિદ્યાર્થીઓને પ્રથમ કયા પ્રકારનું શિક્ષણ આપવામાં આવતું હતું ?

(A) મૌખિક
(B) વાંચન
(C) લેખન
(D) વાંચન અને લેખન

202. વેદકાલીન સમય ક્યાંથી ક્યાં સુધી ગણવામાં આવે છે ?

(A) ઈ.સ. પૂર્વે 1200 થી ઈ.સ. પૂર્વે 400 સુધી
(B) ઈ.સ. પૂર્વે 1500 થી ઈ.સ. પૂર્વે 600 સુધી
(C) ઈ.સ. પૂર્વે 1000 થી ઈ.સ. પૂર્વે 500 સુધી
(D) ઈ.સ. પૂર્વે 1100 થી ઈ.સ. પૂર્વે 550 સુધી

203. ચીની યાત્રી ફાહિયાન અને હ્યુએનસંગ ભારતની યાત્રાએ આવેલા ત્યારે કઈ પ્રાચીન વિદ્યાપીઠના ખંડિયેરોનું દર્શન કરી પોતાની નોંધમાં તેનું કરૂણતાભર્યું વર્ણન કર્યું છે ?

(A) નાલંદા
(B) વલભી
(C) તક્ષશિલા
(D) વિક્રમશીલા

204. વૈદિક યુગમાં જુદાજુદા પ્રકારની વિવિધ શિક્ષણ સંસ્થાઓ અસ્તિત્વ ધરાવતી હતી તે પૈકીની ‘‘ચરણ’’ નામે ઓળખાતી સંસ્થાની લાક્ષણિકતા દર્શાવતો યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર એક જ શિક્ષક ધરાવતી અને ખાસ કરીને સંસ્કૃત ભાષાનું શિક્ષણ આપતી સંસ્થા.
(B) દર્શનશાસ્ત્રના કોઈ વિષય કે સમસ્યાઓ પર વિચારવિમર્શ કરવા ભેગા થયેલ વિદ્વાનો.
(C) રાજા મહારાજાઓના આમંત્રણથી ચોક્કસ હેતુને કેન્દ્રમાં રાખી ભેગો થતો લોકસમૂહ.
(D) કોઈ એક વિદ્યાશાખા ધરાવતી વિદ્યાપીઠ.

205. ભારતની પ્રાચીન વિદ્યાપીઠોને તેમના સ્થાપનાકાળના સંદર્ભમાં ચડતા ક્રમમાં ગોઠવતો વિકલ્પ પસંદ કરો.

(A) તક્ષશિલા - નાલંદા - વલભી - વિક્રમશીલા
(B) તક્ષશિલા - વલભી - વિક્રમશીલા - નાલંદા
(C) વિક્રમશીલા - વલભી - નાલંદા - તક્ષશીલા
(D) નાલંદા - તક્ષશિલા - વલભી - વિક્રમશીલા

206. આર્યભટ્ટ દ્વારા લિખિત પુસ્તક ‘‘આર્યભટ્ટીયમ્’’માં ગણિતના કયા સૂત્રનો / પ્રમેયનો ઉલ્લેખ છે ?

(A) $\pi$ (પાઈ) ની કિંમત
(B) કાટકોણ ત્રિકોણ
(C) ત્રિકોણનું ક્ષેત્રફળ
(D) બોધાયાન પ્રમેય

207. કયા કાર્યક્રમ દ્વારા બાળકની શિખવાની ક્ષમતા પરિણામો, સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ, સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન જેવી બાબતોનું મૂલ્યાંકન કરવામાં આવે છે ?

(A) પ્રવેશોત્સવ
(B) ગુણોત્સવ
(C) ગેપ
(D) પ્રતિભાશોધ પરીક્ષા

208. ગણિતમાં ત્રિકોણના ત્રણેય ખૂણાનો સરવાળો 180° તે સમજાવવા શિક્ષક વિદ્યાર્થીઓની મદદથી વિવિધ ત્રિકોણોના ખૂણાઓનું માપન કરાવી આ બાબત શિખવાડે છે. અધ્યયનના કયા સૂત્રનો શિક્ષકે ઉપયોગ કર્યો ગણાય ?

(A) પૂર્ણ પરથી ખંડ પર જવું.
(B) જ્ઞાત પરથી અજ્ઞાત પર જવું.
(C) સ્થૂળ થી સૂક્ષ્મ તરફ જવું.
(D) આગમન પરથી નિગમન

209. રાષ્ટ્રીય શિક્ષણ પંચ 1964-1966 ની ભલામણોમાં ભાષા બાબતે કયા સૂત્રની ભલામણ કરાયેલ ?

(A) દ્વિભાષા
(B) ત્રિભાષા
(C) ચાર ભાષા
(D) એક ભાષા

210. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 1986 અંતર્ગત ભારત સરકારે શૈક્ષણિક પ્રણાલીમાં સુધારણા માટે "Challanges of Education" નામનો મુસદ્દો ક્યારે રજૂ કર્યો હતો ?

(A) ડિસેમ્બર 1985
(B) માર્ચ 1985
(C) જાન્યુઆરી 1986
(D) ઓગષ્ટ 1985

211. ભારતના બંધારણમાં 6 થી 14 વર્ષના બાળકને શિક્ષણની તક પૂરી પાડવા વાલીની જવાબદારી કયા અનુચ્છેદમાં ઉલ્લેખાયેલ છે ?

(A) અનુચ્છેદ 51 A
(B) અનુચ્છેદ 21 A
(C) અનુચ્છેદ 45
(D) અનુચ્છેદ 15

212. 6 થી 14 વર્ષના બાળકને મફત ફરજીયાત શિક્ષણનો હક્ક આપતી બંધારણીય જોગવાઈ ક્યારથી અમલી બની ?

(A) 1-4-2002
(B) 1-4-2009
(C) 1-4-2010
(D) 1-4-2005

213. એક માધ્યમિક શાળા અને તેની આસપાસની પ્રાથમિક શાળા કે આંગણવાડીનું ગ્રુપ રચી "સ્કૂલ કોમ્પલેક્સ" બનાવવામાં આવે તો શિક્ષણના ઘણા હેતુઓ સિદ્ધ થઈ શકે તેવું નવી શિક્ષણ નીતિ 2020 માં ઉલ્લેખાયેલ છે. સૌ પ્રથમ આ વિચાર ક્યારે વ્યક્ત થયેલ પણ અમલમાં મુકાઈ શકાયેલ નહીં.

(A) કોઠારી શિક્ષણ પંચની ભલામણોમાં
(B) 1986 ની શિક્ષણ નીતિમાં
(C) હંટર પંચની ભલામણોમાં
(D) ઈશ્વરભાઈ પટેલ સમિતિના અહેવાલમાં

214. ઓછામાં ઓછા 50% વિદ્યાર્થીઓ ઉચ્ચશિક્ષણ સુધી પહોંચે (Gross Enrolment Ratio) તેવું લક્ષ્ય શિક્ષણ નીતિ 2020 માં રાખવામાં આવેલ છે. જાહેર થયેલ શિક્ષણ નીતિના દસ્તાવેજ મુજબ આ લક્ષ્ય ક્યાર સુધીમાં પ્રાપ્ત કરવાનું સૂચવાયેલ છે ?

(A) 2022
(B) 2024
(C) 2030
(D) 2035

215. અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જન જાતિઓ અને બીજા નબળા વર્ગોના શૈક્ષણિક હિતોની અભિવૃધ્ધિ કરવા અર્થે ભારતના સંવિધાનના કયા અનુચ્છેદમાં જોગવાઈ કરાયેલ છે ?

(A) અનુચ્છેદ 42
(B) અનુચ્છેદ 47
(C) અનુચ્છેદ 45
(D) અનુચ્છેદ 46

216. તાજેતરમાં રચાયેલ ''ગુજરાત સંસ્કૃત બોર્ડ'' અધ્યક્ષ કોણ છે ?

(A) સોમનાથ સંસ્કૃત વિદ્યાપીઠના કુલપતિ, હોદ્દાની રૂએ
(B) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષ, હોદ્દાની રૂએ
(C) રાજ્યના મુખ્યમંત્રીશ્રી
(D) રાજ્યના શિક્ષણમંત્રીશ્રી

217. ભારતના સંવિધાનની કઈ યાદીમાં ''ઉચ્ચ શિક્ષણ અથવા સંશોધન માટેની સંસ્થાઓ અને વૈજ્ઞાનિક અથવા ટેકનીકલ સંસ્થાઓમાં સંકલન અને ધોરણો નક્કી કરવા'' આ બાબત સમાવિષ્ટ છે ?

(A) સંઘ યાદી
(B) રાજ્ય યાદી
(C) સંવર્તી યાદી
(D) કેન્દ્રશાસિત પ્રદેશ યાદી

218. પૂર્વપ્રાથમિક શિક્ષણ આપતી સંસ્થાઓ એ ''નાના બાળકોને કુમળી વયે અધ્યયન, લેખન અને ગણિતનું ઔપચારિક શિક્ષણ આપવું યોગ્યન નથી'' તેવું મંતવ્ય ભારત સરકારના માનવ વિકાસ મંત્રાલયે રચેલ રાષ્ટ્રીય સલાહકાર સમિતિએ આપ્યું હતું. આ સમિતિના વડા કોણ હતા ?

(A) પ્રો. યશપાલ
(B) પ્રો. રામમૂર્તિ
(C) મધુરી શાહ
(D) મર્મર મુખોપાધ્યાય

219. પ્રાથમિક શિક્ષકોની નિમણૂક માટે શિક્ષક અભિયોગ્યતા કસોટી પાસ કરવું અનિવાર્ય છે તેવું કયા કાયદા/નિયમ/વિનયમમાં દર્શાવેલ છે ?

(A) RTE નિયમો 2012 (ગુજરાત સરકાર)
(B) RTE અધિનિયમ 2009
(C) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ 1947
(D) RTE નિયમો 2010 (ભારત સરકાર)

220. ભાષાકીય અને ધાર્મિક લઘુમતી સંસ્થા અનુદાન મેળવતી હોય ત્યારે રાજ્યથી તેની સામે ભેદભાવ રાખી શકશે નહીં, આવો ઉલ્લેખ ભારતના બંધારણના કયા અનુચ્છેદમાં કરવામાં આવેલ છે ?

(A) 28(2)
(B) 30(1)
(C) 30(2)
(D) 29(2)

221. શિક્ષક વર્ગખંડમાં વિષયવસ્તુ, અભ્યાસક્રમ, બ્લેકબોર્ડ ધ્યાને રાખે આ સ્થિતીએ કોને ભૂલી જાય તો શિક્ષણનો હેતુ સાર્થક થતો નથી ?

(A) પાઠ્યપુસ્તક
(B) અદ્યતન સુવિધાઓ
(C) TLM સાધનસામગ્રી
(D) વિદ્યાર્થીઓ

222. "વર્ગખંડ અધ્યયનમાં વિદ્યાર્થીઓ પરસ્પરની મદદથી શીખે, અધ્યયન અસરકારક બને અને શિક્ષકને વધુ સમયગાળો મળે એ રીતે અધ્યયન ગોઠવવું જોઈએ" આ પધ્ધતિને શું કહેવાય ?

(A) જૂથ અધ્યયન
(B) શિક્ષક નિર્દેશીત અધ્યયન
(C) સ્વઅધ્યયન
(D) સ્વાધ્યાય

223. સહાયક ગ્રાન્ટ નિયમોના સંદર્ભમાં નીચે પૈકી કયા વિધાનો ખરા છે ?

(i) માધ્યમિક શિક્ષક શનિવારને દિવસે અડધા દિવસની પ્રાસંગિક રજા લઈ શકે નહીં.
(ii) સામાન્ય સંજોગોમાં પાંચ કરતાં વધુ દિવસની પ્રાસંગિક રજા એક સાથે લઈ શકાય નહીં.
(iii) પૂર્ણકાલીન શિક્ષકે શાળાના સમગ્ર બધા કલાક દરમ્યાન (વિરામ સમય સિવાય) શાળામાં હાજર રહેવું જોઈએ.
(iv) પટાવાળાએ શાળા સમય કરતાં એક કલાક વહેલા આવવાનું હોય છે.

(A) iii અને iv
(B) i, ii અને iv
(C) i, ii અને iii
(D) ii અને iii

224. "અધ્યયન એટલે પૂર્વાનુભવના પરિણામ રૂપે વર્તનમાં થતો સાપેક્ષ કાયમી ફેરફાર", આ વ્યાખ્યા કોના દ્વારા આપવામાં આવેલ છે ?

(A) કિંગસલે
(B) ગાર્ડનર મરફી
(C) મોર્ગન
(D) સ્કીનર

225. સમયાંતરે આનુવાંશિકતાને કારણે વ્યક્તિમાં જોવા મળતો અધ્યયનથી સ્વતંત્ર ફેરફાર એ વિકાસની પ્રક્રિયા છે, આ બાબતને શું કહેવાય ?

(A) તત્પરતા
(B) તન્મયતા
(C) પરિપક્વતા
(D) અર્થમયતા

226. માધ્યમિક શિક્ષણ વિનિયમો 1974 ના વિનિયમ 27(અ)(1) માં કર્મચારીઓની આચારસંહિતા નિહિત કરેલ છે તે મુજબ મોટી શિક્ષા પૈકીની કઈ શિક્ષા શૈક્ષણિક કર્મચારીઓને કરી શકાતી નથી ?

(A) ભવિષ્યની અસર સાથે ઈજાફો અટકાવવો
(B) ભવિષ્યમાં શાળાની નોકરી માટે ગ્રલેક ઠરે તે રીતે બરતરફ
(C) પાયરી ઉતાર
(D) ફરજિયાત નિવૃત્તિ

227. સાધન અને સાધ્ય વચ્ચેના સંબંધનું જ્ઞાન એટલે શું ?

(A) ઉપયોજન
(B) ક્રિયાપ્રસુત
(C) આંતરસૂઝ
(D) અભિસંધાન

228. વર્ષ 1940 માં ક્રિયાત્મક સંશોધનનો સિધ્ધાંત કોણે આપેલ ?

(A) કર્ટ લેવિન
(B) સ્ટીફન એમ કોર
(C) સ્કીનર
(D) એલવીન

229. કોઈપણ વ્યક્તિ બોર્ડ દ્વારા સંચાલિત કોઈ પરીક્ષા દરમ્યાન પરીક્ષાની ગુપ્તતાને અસર કરે તેવું ગુનાહિત કૃત્ય કરે તો તેને વધુમાં વધુ કેટલી શિક્ષા થઈ શકે ?

(A) બે વર્ષ સુધીની કેદ અથવા / અને 200 રૂા. દંડ

(B) એક વર્ષ સુધીની કેદ અથવા / અને 1,000 રૂા. દંડ

(C) ત્રણ વર્ષ સુધીની કેદ અથવા / અને એક લાખ રૂા. દંડ

(D) પાંચ વર્ષ સુધીની કેદ અથવા / અને બે લાખ રૂા. દંડ

230. સહાયક ગ્રાન્ટ નિયમો મુજબ ઉત્તરબુનિયાદી શાળા પાસે 1 કી.મી. ની મર્યાદામાં બારમાસી સિંચાઈ વ્યવસ્થા હોય તો ઓછામાં ઓછી કેટલી જમીન હોવી જોઈએ ?

(A) 7.5 એકર
(B) 10 એકર
(C) 12 એકર
(D) 15 એકર

231. સહાયક ગ્રાન્ટ નિયમો અને માધ્યમિક શિક્ષણ વિનિયમો 1974 વચ્ચે કોઈ બાબત વિસંગતતા જણાતી હોય તો અમલીકરણ અધિકારીએ કઈ બાબત ધ્યાને લેવાની રહે ?

(A) બંને વચ્ચે આવી કોઈ વિસંગતા હોઈ શકે નહીં.

(B) માધ્યમિક શિક્ષણ વિનિયમો સહાયક ગ્રાન્ટ નિયમો સામે પ્રવર્તશે.

(C) સહાયક ગ્રાન્ટ નિયમો માધ્યમિક શિક્ષણ વિનિયમો સામે પ્રવર્તશે.

(D) કમિશનર શાળાઓનો નિર્ણય આખરી ગણાશે.

232. એજ્યુસેટ દ્વારા વિડીયો અને ઓડિયો કોન્ફરન્સ થઈ શકે, આમાં શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે કયા પ્રકારની ક્રિયા થઈ ગણાય ?

(A) સંવેદનાત્મક ક્રિયા
(B) આભાસી ક્રિયા
(C) આંતરક્રિયા
(D) હકારાત્મક ક્રિયા

233. સ્માર્ટ ક્લાસ અંતર્ગત અમૂર્ત ખ્યાલો સ્પષ્ટ કરવા માટે 2D અને 3D માં કઈ તકનીકનો ઉપયોગ થાય છે ?

(A) નેટવર્કીંગ સિસ્ટમ
(B) બહુમાધ્યમ
(C) સીડી પ્લેયર ઓપરેશન
(D) એનિમેશન

234. ગુજરાતમાં શ્રી ઈશ્વરભાઈ પટેલ સમિતિની ભલામણો અનુસાર વર્ષ 1980 થી કયા ધોરણોમાં ''પર્યાવરણ'' અભ્યાસક્રમ દાખલ કરવામાં આવ્યો ?

(A) 1 થી 4
(B) 1 થી 3
(C) 1 થી 2
(D) 6 થી 8

235. MOC નો શો અર્થ થાય ?

(A) ઓનલાઈન અધ્યાપન પ્રક્રિયા
(B) ઓનલાઈન પરીક્ષા
(C) કોમ્પ્યુટર દ્વારા જનરેટ થયેલ પ્રશ્નપત્ર
(D) શિક્ષક તાલીમનો આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ

236. નીચે જણાવેલ માધ્યમો પૈકી કયું માધ્યમ દૂરવર્તી શિક્ષણના પ્રચલિત માધ્યમો પૈકીનું નથી ?

(A) પત્રવ્યવહાર (B) હોમથિયેટર

(C) દૂરદર્શન (D) ઈન્ટરનેટ

237. તેજસ્વી બાળકની નીચે મુજબની વ્યાખ્યા કોના દ્વારા આપવામાં આવેલ છે ?

"જેનામાં વિશિષ્ટ શક્તિઓ, વિશિષ્ટ બુધ્ધિ પ્રતિભા અને વિશિષ્ટ ગુણોનો સમુચ્ચય હોય."

(A) કિર્ક (B) એલ. એક્સ. મેગ્નીફીકો

(C) ગ્રિફીથ (D) ટેરમાન

238. વિદ્યાર્થીને ઓળખવા માટે વિવિધ પરિબળોનો અભ્યાસ કરવામાં આવે છે. હાલમાં કયા પરિબળ પર વિશેષ ભાર મૂકવામાં આવે છે ?

(A) ભાવાત્મક અંક (B) સ્મૃતિશક્તિ

(C) બુધ્ધિ (D) કલ્પના

239. પ્રવર્તમાન શિક્ષણ વ્યવસ્થામાં અભ્યાસક્રમનું પ્રસ્તુતીકરણ અંશતઃ થયું છે. પ્રોફેસર રવીન્દ્ર દવે દ્વારા R × Q = F નું સૂત્ર આ અંગે આપવામાં આવેલ છે. આમાં F શું સૂચવે છે ?

(A) FAILURE (B) FUNCTIONALITY

(C) FIDELITY (D) FUTURISTIC ASPECT

240. UDISE + માં UDISE નું આખું નામ શું છે ?

(A) Unified Data of Institutes regarding School Education

(B) Universal District-wise Information Service for School Education

(C) Unified District Information System for Education

(D) Uniform Distribution of Information regarding School Education

241. કોવિડ 19 ની પરિસ્થિતિમાં બાળકોને શાળાએ જવાને બદલે Mone Learning કરવાનું રહેતું હતું. આ ગાળામાં ધોરણ 1 થી 5 ના બાળકોને પોષણક્ષમ આહાર મળી રહે તે માટે મધ્યાહન ભોજનના વિકલ્પે બાળક દીઠ કેટલા ગ્રામ અનાજ તથા કૂકિંગ કોસ્ટ આપવાનું સરકારશ્રી દ્વારા નક્કી કરાયેલ છે ?

(A) 80 ગ્રામ, રૂા. 4.25 (B) 70 ગ્રામ, રૂા. 3.50

(C) 150 ગ્રામ, રૂા. 7.45 (D) 100 ગ્રામ, રૂા. 4.97

242. શિક્ષણમાં ડીજીટાઈજેશનનો વ્યાપ વધારવાના હેતુસર શરૂ કરાયેલ જ્ઞાનકુંજ પ્રોજેક્ટમાં લેપટોપ, પ્રોજેક્ટર, સફેદ ફલકની સાથે કયા પ્રકારના કેમેરાનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) IR કેમેરા (B) CCTV કેમેરા

(C) UV કેમેરા (D) સ્માર્ટ ફોન કેમેરા

243. ગુજરાત ઓપન સ્કૂલ સોસાયટી (GSOS) ના પ્રવર્તમાન નિયમોનુસાર પ્રાથમિક શાળામાં ક્યારે પણ અભ્યાસ ન કર્યો હોય તેવી વ્યક્તિ કેટલા વર્ષની વય પૂર્ણ કરેલ હોય તો જ માધ્યમિક શાળાંત પરીક્ષા આપી શકે ?

(A) 15 (B) 18

(C) 17 (D) 14

244. માર્ચ માસમાં લેવાયેલ ધોરણ 10 ની પરીક્ષામાં અનુત્તીર્ણ થયેલ કેટલાક વિદ્યાર્થીઓ જૂનથી શરૂ થતા નવા સત્રમાં પુનઃપ્રવેશ માગે છે. નિયમોનુસાર આચાર્ય શું કરી શકે ?

(A) પોતાની સત્તા અનુસાર દરેક વર્ગમાં આવા પાંચથી વધુ ન હોય તેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકે.

(B) જિલ્લા શિક્ષણાધિકારીની પરવાનગી મેળવી દરેક વર્ગમાં આવા દસથી વધુ ન હોય તેટલા વિદ્યાર્થીઓનો પ્રવેશ આપી શકે.

(C) માધ્યમિક શિક્ષણ બોર્ડને દરેક કેસના ગુણદોષ અનુસાર દરખાસ્ત કરી, મંજૂરી મળ્યેથી પ્રવેશ આપી શકે.

(D) પ્રવેશ ન આપી શકે. પુનરાવર્તીત ઉમેદવાર તરીકે આગામી પરીક્ષાનું આવેદનપત્ર ભરવા સલાહ આપી શકે.

245. મેડમ મોન્ટેસરીના કયા વિચાર સાથે ગિજુભાઈ બધેકા સંમત થતાં હતા ?

(A) શિક્ષણે બાળકના વિકાસના તબક્કા અનુસાર પોતાનું સ્વરૂપ ઘડવું જોઈએ.

(B) પ્રાથમિક કક્ષાએ અભ્યાસમાં નબળા બાળકોને ''પ્રિય બાળક'' તરીકે સંબોધન કરવું જોઈએ.

(C) કેળવણીનું કાર્ય વ્યક્તિને નિર્ભય કરવાનું છે.

(D) ઈન્દ્રિય અનુભવ (sensory experience) એ સાચી કેળવણી છે.

246. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા સંચાલિત કઈ પરીક્ષા માટે ઉમેદવાર ધોરણ 8 પાસ અથવા પ્રાથમિક ચિત્રકામ પરીક્ષા પાસ કરેલ હોવો જોઈએ ?

(A) ઉચ્ચતર માધ્યમિક ચિત્રકામ પરીક્ષા

(B) ઉચ્ચ પ્રાથમિક ચિત્રકામ પરીક્ષા

(C) પ્રાથમિક ચિત્રકામ પરીક્ષા

(D) માધ્યમિક ચિત્રકામ પરીક્ષા

247. રાષ્ટ્રીય પ્રતિભાશોધ પરીક્ષા (NTSE) બાબતે કયા વિધાન ખરા છે ?

(i) ધોરણ 10 માં ભણતો વિદ્યાર્થી આ પરીક્ષા આપી શકે છે.

(ii) આ પરીક્ષા અનુક્રમે રાજ્ય પરીક્ષા બોર્ડ તથા NCERT દ્વારા બે તબક્કામાં લેવામાં આવે છે.

(iii) વાલીની વાર્ષિક આવક રૂા. 4 લાખ કરતાં ઓછી હોય તો સફળ થયેલ ઉમેદવાર શિષ્યવૃત્તિને પાત્ર બને છે.

(iv) ધોરણ 10 નો અભ્યાસ મુક્ત દૂરવર્તી કેન્દ્ર મારફતે કરનાર ઉમેદવાર પણ આ પરીક્ષા આપી શકે છે.

(A) i અને ii (B) i, ii અને iii

(C) i, iii અને iv (D) i, ii, iii અને iv

248. ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનયમો 1974 અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડના કોષાધ્યક્ષ તરીકે કોણ કામ કરે છે ?

(A) અધ્યક્ષ
(B) નાયબ અધ્યક્ષ
(C) સચિવ (સેક્રેટરી)
(D) કંટ્રોલર ઓફ એકાઉન્ટ્સ એન્ડ સ્ટોર (CAS)

249. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 ના અર્થપૂર્ણ અને સફળ અમલીકરણ માટે કેન્દ્રીય તથા રાજ્યકક્ષાની સંસ્થાઓ, વ્યક્તિઓ અને નિષ્ણાંતોનો સહકાર મેળવી લાંબાગાળાના આયોજનો કરવા સારુ કઈ સંસ્થાને સબળ કરવાની / સશક્ત કરવાની ભલામણ આ નીતિમાં કરવામાં આવી છે ?

(A) CABE
(B) CBSE
(C) NCERT
(D) SSSA

250. નીચે પૈકીના કયા અધિનિયમ / નિયમ હાલ અસ્તિત્વમાં નથી ?

(i) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ 1947
(ii) ગુજરાત ફરજીયાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ 1961
(iii) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો 1949
(iv) મુંબઈ માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા બોર્ડ અધિનિયમ 1948

(A) માત્ર ii
(B) માત્ર iv
(C) ii અને iv
(D) i, ii અને iv

251. સરકારની કઈ યોજના હેઠળ ધોરણ 1 થી 12 ના સરકારી તેમજ અનુદાનિત શાળાઓના જનરલ (બિન અનામત) કેટેગરીના બાળકોને આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય વિનામૂલ્યે પાઠ્યપુસ્તકો આપવામાં આવે છે ?

(A) પ્રત્યાયન યોજના
(B) પ્રધાનમંત્રી સ્વાવલંબન યોજના
(C) અટલ સમૃધ્ધિ યોજના
(D) મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના

252. રાજ્યની પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં એકમ કસોટીઓ યોજવાનો મૂળભૂત ઉદ્દેશ શો છે ?

(A) ધોરણ પ્રમાણે શૈક્ષણિક નિષ્પત્તિઓ અને ઉચ્ચ વૈચારિક કૌશલ્ય સાથેનું ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવું.
(B) શાળાઓમાં શિક્ષકોની હાજરી અને વિદ્યાર્થીઓની નિયમિતતા પર નિયંત્રણ રાખવું.
(C) અપવ્યય અને સ્થગિતતા અટકાવવી.
(D) ખાનગી ટ્યુશન પ્રથાને અટકાવવી.

253. રાજ્યની પ્રાથમિક શાળાઓમાં રાજ્ય કક્ષાએથી એકમ કસોટી અને સત્રાંત કસોટીના પ્રશ્નપત્રોની રચના કરવાનું તેમજ પરીક્ષા સંચાલન માટે સૂચના આપવાનું કાર્ય કઈ સંસ્થાને સોંપાયેલ છે ?

(A) નિયામક પ્રાથમિક શિક્ષણ
(B) સમગ્ર શિક્ષા અભિયાન
(C) GCERT
(D) રાજ્ય પરીક્ષા બોર્ડ

254. આકાશની જન્મ તારીખ 25-5-2015 છે. બિંદુની જન્મ તારીખ 20-6-2015 છે. ચંદ્રેશની જન્મ તારીખ 25-6-2014 છે. ડિમ્પલની જન્મ તારીખ 1-6-2014 છે. શૈક્ષણિક વર્ષ 2020-21 ની શરૂઆતમાં RTE નિયમો 2012 અનુસાર ધોરણ 1 માં પ્રવેશવાની લાયકાત કોણ ધરાવે છે ?

(A) આકાશ, ચંદ્રેશ અને ડિમ્પલ
(B) માત્ર ડિમ્પલ
(C) આકાશ અને ડિમ્પલ
(D) આકાશ, બિંદુ, ચંદ્રેશ અને ડિમ્પલ બધા જ

255. મધ્યાહન ભોજન યોજના હેઠળ ઓક્ટોબર 2007 માં ભારત સરકારે સુધાર્યા મુજબના ધોરણ 6 થી 8 ના બાળકોને કેટલી કેલરી ખોરાક મળે તેવું આયોજન કરવામાં આવે છે ?

(A) 450
(B) 700
(C) 550
(D) 560

256. કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયનો લાભ કયા ધોરણોમાં ભણતા બાળકોને પ્રાપ્ય છે ?

(A) આંગણવાડી થી ધોરણ 8 સુધીના
(B) ધોરણ 1 થી ધોરણ 8 સુધીના
(C) ધોરણ 6 થી ધોરણ 12 સુધીના
(D) ધોરણ 9 થી ધોરણ 12 સુધીના

257. સમગ્ર શિક્ષા અભિયાન હેઠળ થતાં ખર્ચ માટે ગુજરાત જેવા રાજ્યને કેન્દ્ર સરકાર દ્વારા કેટલા ટકા ગ્રાન્ટ મળવાપાત્ર છે ?

(A) 100% ખર્ચ કેન્દ્ર સરકાર ભોગવે છે.
(B) 90%
(C) 60%
(D) 50%

258. શિક્ષણની પધ્ધતિઓમાં આદર્શવાદીઓ અને વિચારવાદીઓની વિભિન્ન ફિલોસોફી પ્રચલિત છે. વિચારવાદીઓ સૂચવેલ વિભિન્ન પધ્ધતિઓને યોગ્ય રીતે જોડો :

| | |
|---|---|
| (a) સોક્રેટિસ | (i) નિદર્શન પધ્ધતિ |
| (b) પ્લેટો | (ii) સંવાદ પધ્ધતિ |
| (c) હર્બાટ | (iii) પ્રશ્નોત્તર પધ્ધતિ |
| (d) પેસ્ટોલોજી | (iv) આગમન-નિગમન પધ્ધતિ |
| | (v) ક્રિયા દ્વારા શિક્ષણ |

(A) a - iii, b - ii, c - i, d - v
(B) a - iii, b - iv, c - i, d - v
(C) a - ii, b - iii, c - i, d - iv
(D) a - ii, b - iii, c - i, d - iv

259. મનોવૈજ્ઞાનિક દષ્ટિએ વૃધ્ધિ અને વિકાસમાં સૂક્ષ્મ ભેદ છે. વૃધ્ધિ અને વિકાસ વચ્ચેના તફાવતના કેટલાક બિંદુઓ નીચેના કોઠામાં જણાવેલ છે. તેમાં કયા વિકલ્પમાં ભૂલ થયેલ છે/સુસંગત નથી ?

| વૃધ્ધિ | | વિકાસ |
|---|---|---|
| (A) વૃધ્ધિ વર્તન સાથે પ્રત્યક્ષ રીતે સંકળાયેલ છે. | – | વિકાસ માનવ વ્યવહાર કે વર્તન સાથે પરોક્ષ રીતે સંકળાયેલ છે. |
| (B) વૃધ્ધિ એ શારીરિક ઘટના છે. | – | વિકાસ એ મનોશારીરિક ઘટના છે. |
| (C) વૃધ્ધિની પ્રક્રિયા સીમિત છે. | – | વિકાસ એ આજીવન પ્રક્રિયા છે. |
| (D) વૃધ્ધિ માટે વિકાસ થવો આવશ્યક નથી. | – | વિકાસ માટે વૃધ્ધિ થવી અનિવાર્ય છે. |

260. આદર્શવાદ કેવા શિસ્તનો આગ્રહ રાખે છે ?

(A) મુક્ત શિક્ષણ
(B) પ્રભાવક શિસ્ત
(C) સ્વયં શિસ્ત
(D) દમનયુક્ત શિસ્ત

261. શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન અંતર્ગત મહત્વના જીવન કૌશલ્યો, મૂલ્યો, વલણો, અભિગમો, વિવિધ પ્રતિભાઓ વિગેરેનો સમાવેશ કયા પ્રકારના મૂલ્યાંકનમાં થાય છે ?

(A) સહશૈક્ષણિક મૂલ્યાંકન
(B) શૈક્ષણિક મૂલ્યાંકન
(C) શાળાકીય મૂલ્યાંકન
(D) વર્ગખંડ મૂલ્યાંકન

262. ભારતીય સંવિધાનના અનુચ્છેદ 350 A માં કઈ બાબત સમાવિષ્ટ છે ?

(A) 6 થી 14 વર્ષના બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ આપવા બાબત
(B) લઘુમતી શૈક્ષણિક સંસ્થાઓના હિત બાબત
(C) નબળા વર્ગના લોકોના શૈક્ષણિક અને આર્થિક હિત જાળવવા બાબત
(D) ભાષાકીય લઘુમતી જૂથોના બાળકોને શિક્ષણની પ્રાથમિક કક્ષાએ માતૃભાષામાં શિક્ષણ આપવા બાબત.

263. રાજ્યના શિક્ષણ વિભાગે ઉચ્ચ ગુણવત્તાયુક્ત સંશોધનોને પ્રોત્સાહન આપવા કઈ યોજના શરૂ કરી છે ?

(A) AAA
(B) AISHE
(C) SHODH
(D) RUSA

264. શિક્ષક દ્વારા બાળકની સિધ્ધી સતત અને સર્વગ્રાહી અવલોકન કરી તટસ્થ રીતે સીધો જ ગ્રેડ આપવાની પધ્ધતિને શું કહેવાય ?

(A) સમસ્ત ગ્રેડિંગ
(B) તટસ્થ ગ્રેડિંગ
(C) પરોક્ષ ગ્રેડિંગ
(D) પ્રત્યક્ષ ગ્રેડિંગ

265. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ 1972, કલમ 3 (2) ના છેલ્લા સુધારા લક્ષમાં લેતા નીચે પૈકી કયો હોદ્દો ધરાવતા અધિકારી બોર્ડના સભ્ય ગણાય ?

(A) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર (SSA)
(B) ટેકનિકલ શિક્ષણ નિયમક
(C) ખાસ ફરજ પરના અધિકારી GSHSEB
(D) નિયામક રોજગાર અને તાલીમ

266. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક ઉમશ/1106/2038/ગ 1 તા. 31-12-2009 માં બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સરાસરી હાજરી સહિત અન્ય બાબતો માટે સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. તે મુજબ વર્ગખંડમાં વિદ્યાર્થી દીઠ ઓછામાં ઓછી કેટલા ચોરસફૂટ જગા હોવી જોઈએ ?

(A) 7
(B) 8
(C) 6
(D) 9

267. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક ઉમશ/1106/2038/ગ 1 તા. 31-12-2009 માં બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સરાસરી હાજરી સહિત અન્ય બાબતો માટે સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. તે મુજબ એક વર્ગમાં વિદ્યાર્થીની સંખ્યા કેટલી નિર્ધારીત કરવામાં આવેલ છે ?

(A) 55 (B) 66

(C) 45 (D) 60

268. ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો 1974 અનુસાર બોર્ડને આવક અને ખર્ચના અંદાજો તથા વાર્ષિક હિસાબો રજૂ કરવાની જવાબદારી કયા સત્તાધીશની છે ?

(A) કન્ટ્રોલર ઓફ એકાઉન્ટ્સ એન્ડ સ્ટોર (B) નાયબ અધ્યક્ષ

(C) સેક્રેટરી (D) અધ્યક્ષ

269. ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો 1974 અનુસાર પૂર્ણકાલીન શિક્ષકે વિરામનો સમય બાદ કરતાં અઠવાડિયામાં ઓછામાં ઓછું કેટલા કલાક શૈક્ષણિક કાર્ય કરવાનું રહે છે ?

(A) 28 (B) 21

(C) 45 (D) 30

270. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના સભ્યોની ચૂંટણીનું પરિણામ આવ્યા બાદ સામાન્ય સંજોગોમાં મતપત્રો કેટલા સમય પછી નાશ કરી શકાય ?

(A) 1 માસ (B) 2 માસ

(C) 3 માસ (D) 6 માસ

271. વર્ષ 2020 માં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ 1972 માં કઈ બાબતે મહત્વના સુધારા કરવામાં આવેલ છે ?

(A) કલમ 43 માં, પરીક્ષાલક્ષી ગુના સબબ શિક્ષા કરવા બાબતે

(B) કલમ 35 રદ કરવા બાબતે

(C) કલમ 3 બોર્ડની સભ્ય સંખ્યા ઘડાટવા બાબતે

(D) કલમ 6(1), બોર્ડના સભ્યોના હોદ્દાની મુદત બાબતે

272. રજીસ્ટર થયેલી કોઈપણ ખાનગી માધ્યમિકશાળાના વ્યવસ્થાપક દ્વારા શૈક્ષણિક વર્ષ દરમ્યાન કોઈપણ સમયે શાળા બંધ કરવા ધાર્યું હોય ત્યારે કેટલા સમય અગાઉ બોર્ડને નોટિસ આપવાની હોય છે ?

(A) 3 માસ (B) 6 માસ

(C) 12 માસ (D) 9 માસ

273. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના કોઈ સમિતિના સભ્યોને મળવાપાત્ર મુસાફરી અને દૈનિક ભથ્થાં માટે વિનિયમો અને ઉપનિયમો કરવાની સત્તા કોણ ધરાવે છે ?

(A) બોર્ડ પોતે (B) બોર્ડની કારોબારી સમિતિ

(C) બોર્ડની નાણાં સમિતિ (D) અધ્યક્ષ

274. જ્યાં એક જ સ્થળે સરકારની અથવા એક જ ખાનગી ટ્રસ્ટની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા કાર્યરત હોય ત્યાં શાળાના અસરકારક અને કાર્યક્ષમ સંચાલનના હેતુસર ધોરણ 9 થી 12 ને સળંગ એકમ ગણવાનો નિર્ણય રાજ્ય સરકારે ક્યારે લીધેલ હતો ?

(A) 2014 (B) 2009 (C) 2012 (D) 2011

275. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ 1972 ની જોગવાઈ અનુસાર રજીસ્ટર થયેલી કોઈપણ શાળાનો વહીવટ રાજ્ય સરકાર વધુમાં વધુ કેટલા સમય સુધી લઈ શકે ?

(A) 2 વર્ષ (B) 3 વર્ષ

(C) 5 વર્ષ (D) રાજ્ય સરકાર વહીવટ લઈ શકે નહીં.

276. મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ 1947 માં જિલ્લા સ્કૂલ બોર્ડમાં સરકાર દ્વારા ઓછામાં ઓછા કેટલા સભ્યોની નિમણૂક કરી શકાય ?

(A) 4 (B) 3 (C) 2 (D) 5

277. મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ 1947 અનુસાર સ્કૂલ બોર્ડના સભ્ય કેટલા વર્ષ કરતાં ઓછી ઉંમરના હોય તો ગેરલાયક ગણવામાં આવે છે ?

(A) 21 (B) 18 (C) 25 (D) 28

278. મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ 1947 અનુસાર સ્કૂલ બોર્ડના સભ્યની ચૂંટણી બાબતે તકરાર હોય તો કયા સત્તાધીશને અરજી કરવાની હોય છે ?

(A) જિલ્લા વિકાસ અધિકારી (B) જિલ્લા ન્યાયાધીશ

(C) નિયામક પ્રાથમિક શિક્ષણ (D) ચેરીટી કમિશનર

279. મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ 1947 ની જોગવાઈ પ્રમાણે મદદનીશ વહીવટી અધિકારીઓ, સુપરવાઈઝરો, નિરીક્ષણ અધિકારીઓ, કારકુનો, શિક્ષકો અને અન્ય સ્ટાફ નિભાવવાની સત્તા કોને સુપ્રદ થયેલ છે ?

(A) જિલ્લા સ્કૂલ બોર્ડ (B) જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી

(C) જિલ્લા વિકાસ અધિકારી (D) નિયામક પ્રાથમિક શિક્ષણ

280. મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ 1947 ની કઈ કલમથી મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડની સત્તા, ફરજો અને કાર્યો નિર્ધારીત કરવામાં આવેલ છે ?

(A) 16 (B) 19 (C) 17 (D) 18

281. મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ 1947 અન્વયે ખાનગી પ્રાથમિક શાળાના શિક્ષકને ફરજમોકૂફી હેઠળ ઉતાર્યા બાદ સંચાલકે કેટલા દિવસમાં વહીવટી અધિકારીને જાણ કરવાની હોય છે ?

(A) 9 (B) 7 (C) 15 (D) 30

282. જિલ્લા સ્કૂલ બોર્ડના તમામ સભ્યોને સ્કૂલ બોર્ડની ખાસ બેઠક માટે કેટલા દિવસની નોટિસ આપવાની રહે છે ?

(A) 3 (B) 10 (C) 7 (D) 5

283. મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમોની મૂળ જોગવાઈ અનુસાર પ્રાથમિક શાળામાં હાજરી આપતા વિદ્યાર્થીઓની જન્મ તારીખ, નામ અને જ્ઞાતિમાં ફેરફાર કરવાની મંજૂરી આપવાની સત્તા કોને પહોંચે છે ?

(A) અધ્યક્ષ જિલ્લા પંચાયત
(B) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
(C) અધ્યક્ષ જિલ્લા સ્કૂલ બોર્ડ
(D) જિલ્લા વિકાસ અધિકારી

284. મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ 1947 ની કલમ 40 (છ) શા માટે રદ કરવામાં આવી ?

(A) મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ અમલમાં આવવાને કારણે.
(B) ગુજરાત એજ્યુકેશનલ ઈન્સ્ટિટ્યૂશન્સ સર્વિસીસ ટ્રિબ્યુનલ એક્ટ 2006 અમલમાં આવવાથી.
(C) નામદાર ગુજરાત હાઈકોર્ટના આદેશથી.
(D) મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ હેઠળ રાજ્ય સરકારે 2012 માં ઘડેલ નિયમોમાં આ બાબત આવરી લેવાયેલ હોવાથી.

285. પ્રાથમિક શિક્ષક, મુખ્ય શિક્ષકની સૂચનાથી માસના છેલ્લા દિવસે વધુમાં વધુ કેટલા કલાક માસિક રજીસ્ટરો અને રિપોર્ટસ્ તૈયાર કરવાની કામગીરી કરી શકે ?

(A) બે
(B) ત્રણ
(C) ચાર
(D) પાંચ

286. વિદ્યાસહાયકની વ્યાખ્યા નીચે પૈકી કયા કાયદા/સુધારા/નિયમોમાં આપવામાં આવેલ છે ?

(A) બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણ અધિનિયમ 2009
(B) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ 1947 મૂળ કાયદો
(C) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ 1947 માં વર્ષ 1986 માં થયેલ સુધારો
(D) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ 1947 માં વર્ષ 2003 માં થયેલ સુધારો

287. મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો 1949 અનુસાર મુખ્ય શિક્ષક પાસેથી બાળકની અનધિકૃત ગેરહાજરીનો રિપોર્ટ મળ્યા બાદ મદદનીશ શિક્ષણનિરીક્ષકે આ રીપોર્ટ કોને રજૂ કરવાનો હોય છે ?

(A) અધ્યક્ષ જિલ્લા સ્કૂલ બોર્ડ
(B) વહીવટી અધિકારી
(C) તાલુકા વિકાસ અધિકારી
(D) તાલુકા કેળવણી નિરીક્ષક

288. મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો 1949 અનુસાર વહીવટી અધિકારીની ખાસ પરવાનગી સિવાય, શાળાની શરૂઆતના કેટલા માસ પછી બાળકને દાખલ ન કરી શકાય ?

(A) છ માસ
(B) ત્રણ માસ
(C) બે માસ
(D) 2.5 માસ

289. મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો 1949 અનુસાર કોઈ વિદ્યાર્થી રજા સિવાય મહિનામાં કેટલા દિવસ કરતાં વધારે દિવસ માટે ગેરહાજર રહે તો તેનું નામ કમી કરવાનું રહે છે ?

(A) 10
(B) 15
(C) 21
(D) 30

290. ધોરણ 5 ના વિદ્યાર્થીને ગૃહકાર્ય આપવા બાબતે મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો 1949 માં શી જોગવાઈ કરેલ છે ?

(A) એક કલાક જેટલું ગૃહકાર્ય આપી શકાય.

(B) અડધો કલાક જેટલું ગૃહકાર્ય આપી શકાય.

(C) બે કલાક જેટલું ગૃહકાર્ય આપી શકાય.

(D) ગૃહકાર્ય આપી ન શકાય.

291. RTE કાયદા અનુસાર શિક્ષકને વર્ગખંડના શિક્ષણ સિવાય નીચે પૈકીની કઈ કામગીરી શિક્ષકને સોંપી ન શકાય ?

(i) દસ વર્ષીય વસતી ગણતરી

(ii) આપત્તિ રાહત કામગીરી

(iii) લોકસભા ચૂંટણી કામગીરી

(iv) નગરપાલિકા ચૂંટણી કામગીરી

(v) બીપીએલ કાર્ડ ધારકોની મોજણી

(A) i, ii અને iv | (B) માત્ર v

(C) ii, iii અને iv | (D) ii, iii અને v

292. કોઈપણ પૂર્વ શાળા (Pre School) માં પ્રવેશ વખતે જૂન મહિનાની પહેલી તારીખના રોજ બાળકની વય કેટલા વર્ષ પૂર્ણ થયેલ હોવી જોઈએ ?

(A) ચાર | (B) છ

(C) ત્રણ | (D) સાડા ત્રણ

293. મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ 2009 હેઠળ ગુજરાત સરકારે ઘડેલ નિયમોનુસાર માપદંડો અને ધોરણોનું પાલન કરતી શાળાઓને સક્ષમ સત્તાધિકારીએ નિરીક્ષણ કર્યાની તારીખથી કેટલા દિવસની અંદર માન્યતા આપવાની રહે છે ?

(A) 21 | (B) 30

(C) 45 | (D) 60

294. મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ 2009 હેઠળ શાળા વિકાસ યોજના (School Development Plan) કેટલા વર્ષનો બનાવવાનો હોય છે ? તેમાં કેટલા પેટા આયોજન કરવાના હોય છે ?

(A) 05, દરેક વર્ષના પેટા આયોજન સાથે | (B) 04, દર છ માસના (સત્ર) પેટા આયોજન સાથે

(C) 02, દર છ માસના (સત્ર) પેટા આયોજન સાથે | (D) 03, દરેક વર્ષના પેટા આયોજન સાથે

295. RTE કાયદા 2009 ની જોગવાઈ અનુસાર ધોરણ 1 થી 5 માં 60 કુમાર અને 55 કન્યાઓ ધરાવતી શાળામાં કેટલા શિક્ષકો હોવા જોઈએ ?

(A) 3 | (B) 4

(C) 5 | (D) 6

296. એક શાળામાંથી બીજી શાળામાં જવા મુખ્ય શિક્ષક ટ્રાન્સફર સર્ટિફિકેટ ના આપે તો / વિલંબ કરે તો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ 2009 તથા તેના નિયમો હેઠળ શી કાર્યવાહી થઈ શકે ?

(A) સંબંધિત સેવા નિયમો અનુસાર શિસ્ત વિષયક કાર્યવાહી.

(B) જિલ્લા શિક્ષણાધિકારીને જાણ થયેથી તુરંત તપાસ કરવાની થાય.

(C) સક્ષમ સત્તાધિકારી એ કસૂરવારને તાત્કાલિક અસરથી ફરજમોકૂફ કરી તપાસ કરવાની થાય.

(D) કસૂરવાર સામે પોલીસ ફરિયાદ કરવાની થાય.

297. RTE હેઠળ નબળા વર્ગના બાળકોને પ્રવેશ આપતી બિન અનુદાનિત ખાનગી શાળાના બાળકોને ગણવેશ, બૂટ, પુસ્તકો, પરિવહન વિગેરે માટે પણ સહાય ચૂકવવામાં આવે છે. આ સહાયને પાત્ર થવા બાળકની વર્ષ દરમ્યાન કેટલા ટકા હાજરી આવશ્યક છે ?

(A) 50% (B) 60%

(C) 70% (D) 80%

298. પ્રવેશ માટે કોઈ શાળા અથવા વ્યક્તિ બાળક/તેના વાલી પાસેથી ડોનેશન અથવા કેપીટેશન ફી ઉઘરાવે તો આ રીતે મેળવેલ રકમના કેટલા ગણો દંડ તેને ભોગવવાનો રહે ?

(A) 3 (B) 5

(C) 8 (D) 10

299. RTE અધિનિયમ 2009 હેઠળ નીચે પૈકી કઈ બાબત / બાબતોની મનાઈ ફરમાવાઈ છે ?

(i) પ્રવેશ વખતે બાળકનો ટેસ્ટ / કસોટી લેવાની

(ii) માન્યતા વગર પ્રાથમિક શાળા ચલાવવાની

(iii) સવારની પાળીમાં શાળા ચલાવવાની

(iv) શિક્ષકોએ ટ્યુશન કરવાની

(A) i, ii અને iii (B) i, ii અને iv

(C) i, iii અને iv (D) i, ii, iii અને iv તમામ

300. RTE અધિનિયમ 2009 અનુસાર ધોરણ 6 થી 8 ના બાળકો માટે વર્ષમાં ઓછામાં ઓછા કેટલા દિવસ / કેટલા કલાક શૈક્ષણિક કાર્ય થવું જોઈએ ?

(A) 200 દિવસ / 800 કલાક (B) 200 દિવસ / 700 કલાક

(C) 220 દિવસ / 800 કલાક (D) 220 દિવસ / 1000 કલાક

---